બુધવાર, 4 ફેબ્રુઆરી, 2026 મહા વદ ત્રીજ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## વડોદરા: સોના-ચાંદીના ભાવમાં ભડકો, ચાંદીમાં ₹17,000નો તોતિંગ ઝીંકાયો ઉછાળો

સોના-ચાંદીના માર્કેટમાં આજે ભયાનક તેજીનો વિસ્ફોટ થયો છે, જેણે છેલ્લા ત્રણ દિવસની થોડીઘણી રાહતને એક જ ઝાટકે ખતમ કરી નાખી છે. ચાંદીના ભાવમાં 7%નો જંગી વધારો એટલે કે સીધો ₹17,000નો ઉછાળો એ બજારની નબળી નસ પર વાર કરવા સમાન છે. આજે 1 કિલો ચાંદી ₹2.53 લાખ અને સોનું ₹1.45 લાખને પાર કરી ગયું છે. આ કોઈ કુદરતી તેજી નથી, પરંતુ વૈશ્વિક સટ્ટાખોરો અને એક્સચેન્જ દ્વારા લાદવામાં આવેલા નવા નિયમોનું પરિણામ છે જે સામાન્ય નાગરિકોના ખિસ્સા ખાલી કરી રહ્યા છે.

શિકાગો મર્કેન્ટાઇલ એક્સચેન્જ (CME) દ્વારા સોના અને ચાંદી પર માર્જિન મનીમાં વધારો કરાતા માર્કેટમાં અફરાતફરી મચી છે. સોના પર 8% અને ચાંદી પર 15% માર્જિન થવાનો અર્થ એ છે કે હવે ટ્રેડર્સે સોદો જાળવી રાખવા માટે વધુ સિક્યોરિટી મની જમા કરાવવી પડશે. આ દબાણ હેઠળ જ્યારે નાના વેપારીઓ સોદો કાપે છે ત્યારે ભાવમાં અકુદરતી ઉછાળો આવે છે. પ્રોફિટ બુકિંગના નામે રોકાણકારો જે રમત રમી રહ્યા છે તેમાં મધ્યમવર્ગનો ગ્રાહક મરણતોલ ફટકો અનુભવી રહ્યો છે. ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) ના આંકડા મુજબ, 24 કેરેટ સોનાનો ભાવ ₹1,50,708 પર પહોંચી ગયો છે. હકીકત એ છે કે MCX પર સેકન્ડોમાં બદલાતી કિંમતો સામાન્ય ખરીદદારોને ભ્રમિત કરી રહી છે. ફિઝિકલ ડિમાન્ડ ઘટવા છતાં ભાવો કેમ વધે છે? તે એક મોટો યક્ષ પ્રશ્ન છે જે તંત્રની રહેમનજર હેઠળ ચાલતી સટ્ટાખોરી તરફ આંગળી ચીંધે છે. શું આ માર્કેટ માત્ર અમીરો અને મોટા સટ્ટાખોરો માટે જ અનામત છે? ગ્રાહકોએ હવે સોનાને રોકાણ નહીં પણ એક આર્થિક જોખમ તરીકે જોવાની ફરજ પડી છે. લગ્નસરાના સમયમાં જ ભાવોમાં આવો તોતિંગ ઉછાળો ઝીંકવો એ ગ્રાહકોના ખિસ્સા પર સીધો ડાકો નાખવા જેવું છે. સરકાર અને સેબીએ આ અનિયંત્રિત માર્કેટ વોલેટિલિટી સામે કડક પગલાં લેવા જોઈએ, અન્યથા સોનું ખરીદવું એ મધ્યમવર્ગ માટે માત્ર એક અફસોસ બનીને રહી જશે. અત્યારે જે રીતે ભાવોમાં કૃત્રિમ તેજી લાદવામાં આવી છે, તે જોતા સામાન્ય જનતાએ આ રોકાણકારોના માયાવી ખેલથી ચેતવાની જરૂર છે. શું આ લૂંટ પર કોઈ લગામ આવશે કે પછી સામાન્ય માણસની મહેનતની કમાણી આ જ રીતે સોનાના ભડકામાં હોમાતી રહેશે?




**સોના-ચાંદીના બજારમાં સટ્ટાખોરીનો આતંક! ત્રણ દિવસના ઘટાડા બાદ આજે ચાંદીમાં ₹17,000 અને સોનામાં ₹5,000નો તોતિંગ ઉછાળો આવ્યો છે. સામાન્ય ગ્રાહકો માટે ખરીદી હવે અશક્ય બની રહી છે, જ્યારે માર્કેટ માત્ર મોટા રોકાણકારોની કઠપૂતળી બની ગયું**

## બાળકોમાં હિંસક વૃત્તિ અને સોશિયલ મીડિયાની અસર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના શહેરી જીવનમાં એક ભયાનક વાસ્તવિકતા સામે આવી રહી છે – બાળકોમાં વધતી હિંસક પ્રવૃત્તિઓ. આધુનિક યુગમાં સોશિયલ મીડિયાનો અનિયંત્રિત ઉપયોગ અને હિંસક ગેમિંગની લત માસૂમ મગજને ઝેર પાય રહી છે. વાલીઓ જે રીતે દરેક ક્ષેત્રમાં ટોચ પર રહેવાની જીદ રાખે છે, તે બાળકો પર અસહ્ય માનસિક બોજ ઊભો કરે છે. જ્યારે બાળકો આ ખોટી અપેક્ષાઓ પૂરી કરી શકતા નથી, ત્યારે તેમનો ગુસ્સો હિંસાના રૂપમાં બહાર આવે છે. મોંઘવારીને પહોંચી વળવા પતિ-પત્ની બંને નોકરી કરે છે, પણ કિંમત બાળકો ચૂકવી રહ્યા છે. ક્વોલિટી ટાઈમના અભાવે બાળકો એકલતા અનુભવે છે અને ઇન્ટરનેટની માયાજાળમાં ફસાઈને અસામાજિક માર્ગે દોરાય છે. નિષ્ણાતો ચેતવણી આપી રહ્યા છે કે ભણતરનો ભાર અને સંવાદનો અભાવ આવનારી પેઢીના માનસિક સ્વાસ્થ્યને ગંભીર નુકસાન પહોંચાડી રહ્યો છે. આ માત્ર પારિવારિક સમસ્યા નથી, પણ એક સામાજિક સંકટ છે જેની પોલ ખોલવી અનિવાર્ય છે.



## રેલવે બજેટથી વડીલો નિરાશ: કન્સેશન અને બંધ ટ્રેનો મુદ્દે અન્યાય

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની માંજલપુર પોલીસે ક્રાઇમ બ્રાન્ચની મદદથી લોનના બહાને છેતરપિંડી આચરતા એક માસ્ટરમાઇન્ડને ઝડપી પાડ્યો છે. શેરબજારમાં ટ્રેડિંગ કરતા અને આર્થિક મુશ્કેલીમાં મુકાયેલા રાહુલ વાનખેડે નામના યુવકને પાંચ કરોડની મોટી લોન અપાવવાની ખોટી આશા આપી ઠગ ત્રિપુટીએ રૂ. 9.93 લાખની છેતરપિંડી આચરી હતી. આ ઘટનામાં વડોદરાના મુજમહુડા વિસ્તારમાં આવેલી 'સહયોગ ફાઇનાન્સ'ની ઓફિસના સંચાલકોના કરતૂતો સામે આવ્યા છે.

ઠગાઈની આ પદ્ધતિ અત્યંત ચોંકાવનારી છે. આરોપી રાજેશ ચાવડા અને તેના ભાગીદાર નયનાબેને અમદાવાદના શિવકુમાર સાથે યુવકની મુલાકાત કરાવી રોકડમાં 5 કરોડ અપાવવાની વાત કરી હતી. વિશ્વાસમાં લઈને તેમણે ફરિયાદી પાસેથી ઓનલાઇન અને રોકડ મળીને લાખો રૂપિયા પડાવી લીધા. જ્યારે લોનની રકમ ન મળી અને યુવકે પોતાની મહેનતના પૈસા પરત માંગ્યા, ત્યારે આ ઠગ ટોળકીએ અસલી સ્વરૂપ બતાવી યુવક સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઘણા સમયથી પોલીસને થાપ આપી રહેલા રાજેશ ચાવડાને આખરે ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. જોકે, આ ગેંગના અન્ય સભ્યો હજુ ફરાર છે. વડોદરામાં આર્થિક છેતરપિંડીના વધતા કિસ્સાઓ પોલીસ પેટ્રોલિંગ અને ગુપ્તચર તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. આવી બોગસ ફાઇનાન્સ એજન્સીઓ કેવી રીતે રજિસ્ટ્રેશન વગર કે વગર કોઈ નિયંત્રણોએ ધમધમે છે તે તપાસનો વિષય છે. 'દૈનિક પલ્સ સમાચાર' જનતાને અપીલ કરે છે કે, કોઈ પણ અજાણી વ્યક્તિ કે ખાનગી ફાઇનાન્સ એજન્સીને લોન પ્રોસેસિંગના નામે રોકડા પૈસા આપતા પહેલા સો વાર વિચાર કરવો. શું આ ધરપકડ બાદ પણ સામાન્ય જનતાના ડૂબેલા પૈસા પરત મળશે? તે જોવાનું રહેશે.




**વડોદરામાં 5 કરોડની લોન અપાવવાના બહાને ઠગ ત્રિપુટીએ યુવક પાસેથી રૂ. 9.93 લાખ પડાવ્યા છે. ક્રાઇમ બ્રાન્ચે મુખ્ય આરોપી રાજેશ ચાવડાની ધરપકડ કરી છે. શેરબજારના નુકસાનમાંથી બહાર આવવા મથતા યુવકને વધુ એક આર્થિક ફટકો મારી છેતરપિંડી આચરવામાં આવી છે.**

## સયાજીબાગ પાસે એસટી બસની અડફેટે કાર, સિનિયર સિટીઝન બચ્યા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં જાણે મોતના મશીનો રસ્તા પર ફરી રહ્યા હોય તેમ એસટી બસના અકસ્માતોની સંખ્યા સતત વધી રહી છે. આજે સયાજીબાગ પાસે સર્જાયેલો અકસ્માત એ વાતની ગવાહી આપે છે કે એસટી બસના ચાલકો માટે નિયમો માત્ર કાગળ પર જ સીમિત છે. સુરત-રાધનપુર રૂટની બસે પૂરપાટ ઝડપે આવીને એક ખાનગી કારને પાછળથી ટક્કર મારી હતી, જેને પગલે કાર સીધી ડિવાઈડર સાથે અથડાઈ અને ભારે નુકસાન પામી હતી. આ અકસ્માતે વડોદરા શહેરની માર્ગ સલામતી વ્યવસ્થાના લીરેલીરા ઉડાડી દીધા છે. જોરદાર ધડાકો સાંભળી આસપાસના લોકો દોડી આવ્યા હતા અને કારમાં ફસાયેલા સિનિયર સિટીઝનને હેમખેમ બહાર કાઢ્યા હતા. જોકે તેમને નાની-મોટી ઈજાઓ થઈ છે, પરંતુ આ ઘટનાએ માનસિક રીતે તેમને ગંભીર આઘાત પહોંચાડ્યો છે. અકસ્માત બાદ ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને એસટી ડ્રાઈવરની બેદરકારી પ્રત્યે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. વાડી પોલીસે સ્થળ પર પહોંચી




ટ્રાફિક ક્લિયર કરાવ્યો અને બસ ચાલક સામે તપાસ હાથ ધરી છે. પરંતુ કાયદાકીય પ્રક્રિયા કરતા પણ વધુ મહત્વનો મુદ્દો એ છે કે સરકારી બસોના ચાલકો પર કોઈ નિયંત્રણ કેમ નથી? શહેરી વિસ્તારમાં જ્યાં ટ્રાફિકની અવરજવર વધુ હોય છે, ત્યાં બસની ગતિ મર્યાદા જાળવવામાં નિગમ નિષ્ફળ રહ્યું છે. વડોદરામાં અકસ્માતોની વણથંભી વણઝાર વાહનચાલકોમાં ભય પેદા કરી રહી છે. માત્ર પોલીસ કાર્યવાહીથી વાત નહીં બને, એસટી નિગમે પણ પોતાના ચાલકોની ટ્રેનિંગ અને મનોવૈજ્ઞાનિક તપાસ અંગે ગંભીરતાથી વિચારવું પડશે. અન્યથા, આ સરકારી બસો નિર્દોષ લોકો માટે યમરાજનું વાહન સાબિત થતી રહેશે. શહેરના રસ્તાઓ પર થતા આવા અકસ્માતો તંત્રની ઘોર લાપરવાહીનો પુરાવો છે.

## પાલિકાની મુખ્ય કચેરીમાં ટેન્કર રાજ, તંત્રની પોલ ખુલી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હાલત 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન' જેવી થઈ ગઈ છે. હજારો કરોડ રૂપિયાનું માતબર બજેટ રજૂ કરતું પાલિકા તંત્ર આજે પીવાના પાણી માટે ટેન્કરોના સહારે જોવા મળ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે આ કોઈ દૂરના વિસ્તારની વાત નથી, પરંતુ પાલિકાની મુખ્ય કચેરીની છે, જ્યાં ટેન્કર દ્વારા ટાંકીમાં પાણી ભરવાની ફરજ પડી હતી.

આ ઘટનાએ વડોદરા સ્માર્ટ સિટીના બોર્ડ પાછળ છુપાયેલી વરવી વાસ્તવિકતા ખુલ્લી પાડી દીધી છે. શહેરના નાગરિકો પાસેથી પાણીવેરો અને પ્રોપર્ટી ટેક્સ વસૂલતી પાલિકા પોતાની હેડ ઓફિસમાં પણ નિયમિત પાણીની લાઈન નાખવામાં નિષ્ફળ રહી છે. શાસક પક્ષના વિકાસના ગાણા વચ્ચે ટેન્કરના આ દ્રશ્યો તંત્રની આબરૂના લીરેલીરા ઉડાડી રહ્યા છે.

સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે; લોકો પૂછી રહ્યા છે કે જો પાલિકા પોતાનું સંચાલન યોગ્ય રીતે કરી શકતી નથી, તો આખા શહેરની સુવિધાઓ તે કેવી રીતે જાળવી શકશે? આ ટેન્કર રાજ માત્ર તકનીકી ખામી નથી, પરંતુ તંત્રના નબળા આયોજન અને આંતરિક ખેંચતાણનો પુરાવો છે. શું વડોદરાના કરદાતાઓના પૈસા આ રીતે ટેન્કર માફિયાઓને પોષવા માટે છે?



# વડોદરા પાલિકાનું ₹૭૬૦૯ કરોડનું બજેટ: ૬ નવા ફ્લાયઓવર અને સ્માર્ટ પ્રોજેક્ટ્સ

## વડોદરા: પાલિકાનું રૂ. ૭૬૦૯.૬૩ કરોડનું વિકાસલક્ષી બજેટ રજૂ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની સાંસ્કૃતિક ગરિમાને જાળવી તેની વિકાસયાત્રાને નવી ઊંચાઈએ લઈ જવા માટે સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી શીતલભાઇ મિસ્ત્રી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ. ૭૬૦૯.૬૩ કરોડનું અત્યંત મહત્વકાંક્ષી ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું છે. "સર્વાંગી અને સર્વસ્પર્શી વિકાસ" ના મંત્ર સાથે રજૂ થયેલા આ બજેટમાં વડોદરા મહાનગરપાલિકાએ વિકાસની ગતિને ચાર ગણી વધારવા માટે કેપિટલ ખર્ચનો લક્ષ્યાંક ૨૪૫૦ કરોડ રૂપિયા નિર્ધારિત કર્યો છે.

શીતલભાઇ મિસ્ત્રીએ બજેટના મુખ્ય પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું કે, વડોદરાને સ્માર્ટ અને સસ્ટેનેબલ બનાવવા માટે ૧૪ નવી નીતિઓ (Policies) અને ૨૬ મોટા પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. જેમાં કેટલ ન્યુસન્સ કંટ્રોલ, ટ્રાફિક અને પાર્કિંગ પોલિસી તેમજ હેરિટેજ કન્ઝર્વેશન જેવી બાબતોનો સમાવેશ થાય છે. આગામી ૫ વર્ષમાં વડોદરાને સંપૂર્ણપણે ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાની દિશામાં કામગીરી થશે, જ્યારે શહેરનું ગ્રીન કવર ૧૭% થી વધારી ૨૧% કરવા માટે "એક પેડ મા કે નામ" જેવા અભિયાન હાથ ધરાશે.

બજેટની જાહેરાતોમાં વડોદરાની ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે ૬ નવા ફ્લાયઓવર અને ૭૮ નવા રસ્તાઓનું નિર્માણ સામેલ છે. જાહેર પરિવહનને વેગ આપવા ૨૫૦ ઈ-બસો અને જરૂરી ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવશે. અમદાવાદના કાંકરિયા લેકફ્રન્ટની તર્જ પર વડોદરામાં પણ અદ્યતન પબ્લિક સ્પેસ તૈયાર કરવામાં આવશે. પીવાના પાણી અને ડ્રેનેજ વ્યવસ્થાને મજબૂત કરવા માટે ૮૪૪ કરોડથી વધુના ખર્ચે ૨૩ નવા પ્રોજેક્ટ્સ હાથ ધરાશે. પર્યાવરણ લક્ષી અભિગમ અપનાવતા બ્લુ બોન્ડ દ્વારા ૨૦૦ કરોડનું ભંડોળ એકત્ર કરવાનું આયોજન છે.

નાગરિકોના મનોરંજન અને આરોગ્ય માટે અજવા સફારી પાર્ક, નિમેટા-ગોત્રી ખાતે ફાઉન્ટેન પાર્ક, અને ૧૪ વોર્ડમાં લાઈબ્રેરી તેમજ યોગ સેન્ટરો બનાવવાની જાહેરાત કરાઈ છે. રમતગમત ક્ષેત્રે ૩૫૦ કરોડના ખર્ચે નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર થશે. આ સાથે જ વહીવટી પારદર્શિતા અને ચોકસાઈ માટે ક્વોલિટી કંટ્રોલ, જીઆઈએસ (GIS), અને ક્લાયમેટ એક્શન સેલ જેવા ૯ નવા વિભાગોની રચના કરવામાં આવશે. ૧૫૦ કરોડના ખર્ચે પાલિકાનું નવું આઈકોનિક બિલ્ડિંગ અને દરેક ઝોનમાં લેબર ચોકની સુવિધા નાગરિકોની સુવિધામાં વધારો કરશે. આ બજેટ વડોદરાને માત્ર આધુનિક નહીં, પરંતુ 'નેટ ઝીરો' અને 'ડિજિટલ સિટી' બનાવી આવનારી પેઢી માટે એક સુરક્ષિત અને સમૃદ્ધ નગરી તરીકે સ્થાપિત કરશે.



**વડોદરાના સર્વાંગી વિકાસ માટે રૂ. ૭૬૦૯.૬૩ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ શીતલભાઈ મિસ્ત્રીએ જણાવ્યું કે, ૧૪ નવી નીતિઓ અને ૨૬ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ દ્વારા વડોદરાને સ્માર્ટ, ગ્રીન અને ડિજિટલ સિટી બનાવવાનો મક્કમ નિર્ધાર કરવામાં આવ્યો છે.**

# વડોદરા: ભગવાન બુદ્ધના અવશેષો શ્રીલંકા રવાના, CM એ કરાવી વિદાય

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની ધરતી પર આજે આધ્યાત્મિકતા અને આંતરરાષ્ટ્રીય મૈત્રીનો ત્રિવેણી સંગમ રચાયો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતેથી ભગવાન ગૌતમ બુદ્ધના ઐતિહાસિક અવશેષોને શ્રીલંકા માટે રવાના કર્યા. શામળાજી પાસેના દેવની મોરી ટેકરા પર ૧૯૫૭માં ઉત્ખનન દરમિયાન મળી આવેલા આ અવશેષો ૧૯૬૩થી યુનિવર્સિટીમાં સુરક્ષિત છે. મુખ્યમંત્રીએ પુષ્પાંજલિ અર્પણ કરી અવશેષોના દર્શન કર્યા હતા અને બૌદ્ધ સાધુઓના મંત્રોચ્ચાર વચ્ચે તેમને આદરપૂર્વક વિદાય આપી હતી. આ અવશેષોમાં ચાંદી-સોનાના તાર સાથેનું લખાણ ધરાવતું પાત્ર સામેલ છે. ૭૨ દેશોના વિદ્યાર્થીઓએ પોતાના દેશના ધ્વજ સાથે મુખ્યમંત્રીનું સ્વાગત કરીને આ ક્ષણને આંતરરાષ્ટ્રીય ગૌરવ અપાવ્યું હતું. બુલેટપ્રૂફ સુરક્ષા હેઠળ આ પવિત્ર વારસો શ્રીલંકા પહોંચશે, જ્યાં ૧૧ દિવસ સુધી ધાર્મિક ઉત્સવ જેવો માહોલ રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સાંસ્કૃતિક આદાન-પ્રદાનના સંકલ્પને સાકાર કરતો આ કાર્યક્રમ ભારત-શ્રીલંકાના સંબંધોને મજબૂત બનાવશે. રાજમાતા શુભાંગીરાજે ગાયકવાડે જણાવ્યું કે, યુનિવર્સિટી હવે સરસ્વતી મંદિરની સાથે ભગવાન બુદ્ધનું ધામ પણ બનશે, કારણ કે આ અવશેષો પરત આવ્યા બાદ અહીં એક ભવ્ય સ્તૂપનું નિર્માણ કરવામાં આવશે. આ પ્રસંગે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.




# MSU વડોદરા: વિદ્યાર્થીઓએ તૈયાર કર્યું પ્રેરણારૂપ કિચન ગાર્ડન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં શિક્ષણની સાથે સામાજિક જવાબદારીનું શ્રેષ્ઠ ઉદાહરણ જોવા મળ્યું છે. ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ કેમ્પસની ખાલી પડી રહેલી જગ્યાને એક જીવંત 'રસોડાના બગીચા' (Kitchen Garden) માં પરિવર્તિત કરી દીધી છે. ઇન્ટિરિયર ડિઝાઇનના વિદ્યાર્થીઓએ લેન્ડસ્કેપિંગ અને ગાર્ડનિંગના અભ્યાસક્રમ હેઠળ આ પ્રોજેક્ટમાં માટીની તૈયારીથી લઈને પાક સુધીની તમામ પ્રક્રિયાઓ જાતે કરી છે.

ડૉ. સરજૂ પટેલના નેતૃત્વમાં અને અન્ય તજજ્ઞોના સહયોગથી તૈયાર થયેલા આ બગીચામાં ગ્રોથ બેગ અને વર્ટિકલ ગાર્ડનિંગ જેવી આધુનિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માત્ર એક બગીચો નથી, પરંતુ વિદ્યાર્થીઓ માટે એક 'લાઇવ લેબોરેટરી' છે, જ્યાં તેઓ કુદરતી જીવાત નિયંત્રણ અને ટકાઉ જીવનશૈલીના પાઠ ભણી રહ્યા છે. આ સફળ પહેલ સાબિત કરે છે કે જો ઈચ્છાશક્તિ હોય તો મર્યાદિત સાધનોમાં પણ ગ્રીન ઝોન બનાવી શકાય છે. આ મોડેલ હવે અન્ય કોલેજો માટે પણ અનુકરણીય બન્યું છે.



## વડોદરામાં શિક્ષકનું દેહદાન: પૌત્રીના અભ્યાસે આપી પ્રેરણા

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કારેલીબાગ ખાતે રહેતા 89 વર્ષીય નિવૃત્ત શિક્ષક માધવલાલ ઠક્કરની અંતિમ વિદાય સમાજ માટે પ્રેરણારૂપ બની છે. તેમની પૌત્રી ડૉ. નુપુર જ્યારે મેડિકલનો અભ્યાસ કરતી હતી ત્યારે માધવલાલને એનાટોમી વિષયમાં ઘણો રસ પડ્યો હતો. પૌત્રી પાસેથી માહિતી મેળવ્યા બાદ તેમણે 2022માં દેહદાનનો સંકલ્પ લીધો હતો.

માધવલાલના પત્ની લૌકિક ક્રિયામાં માનતા હોવા છતાં તેમણે પતિની આ ઉમદા ઈચ્છાને સહમતી આપી હતી. ગત 27મીએ માધવલાલનું અવસાન થતા પરિવારે કોઈ પણ વિલંબ કર્યા વગર દેહદાનની પ્રક્રિયા પૂર્ણ કરી હતી. ડૉ. નુપુરે જણાવ્યું કે તેમના દાદા હંમેશા દેહદાનના ફોર્મ વિશે પૂછતા રહેતા હતા. અંતિમ સમયે સ્વજનોને પણ વહેલી તકે બોલાવી લેવાયા હતા જેથી દેહદાનની વિધિમાં અવરોધ ન આવે. આ પવિત્ર નિર્ણયથી પ્રેરાઈને અન્ય પરિવારજનોએ પણ ભવિષ્યમાં દેહદાન કરવાના શપથ લીધા છે. એક શિક્ષકે મૃત્યુ બાદ પણ વિદ્યાર્થીઓના શિક્ષણમાં સહભાગી થઈને ગુરુનું સાચું કર્તવ્ય નિભાવ્યું છે.

## ડભોઇ: વિદ્યાર્થીઓ માટે તણાવ મુક્તિ માર્ગદર્શન શિબિર

**દૈનિક પલ્સ સમાચાર:** વિદ્યાર્થી અવસ્થામાં આવતા માનસિક ઉતાર-ચઢાવ અને તણાવને યોગ્ય રીતે મેનેજ કરવા માટે ડભોઇની શ્રી સરદાર પટેલ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં એક વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. ડભોઇ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉ. પ્રણવ પટેલ, ડૉ. રંગેશ રાઠવા અને વિરેન્દ્રભાઈએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

તબીબોએ આધુનિક જીવનશૈલીમાં વિદ્યાર્થીઓ પર આવતા દબાણના વિવિધ પાસાઓ જેવા કે પારિવારિક અપેક્ષાઓ, મિત્રોનો પ્રભાવ અને મોબાઇલ-ઇન્ટરનેટનો અતિરેક વિશે ચર્ચા કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને તણાવના લક્ષણો ઓળખવા અને ગભરાયા વગર માતા-પિતા કે શિક્ષકોની મદદ લેવા પ્રેરિત કર્યા. ડૉક્ટરોએ ખાસ ભાર મૂક્યો કે જીવનમાં આવતી કોઈ પણ નિષ્ફળતા કાયમી હોતી નથી અને આત્મહત્યા જેવા આત્યંતિક પગલાં રોકવા માટે મન ખોલીને વાત કરવી અત્યંત જરૂરી છે.

કાર્યક્રમ દરમિયાન હેલ્પલાઇન નંબર અને આરોગ્ય કેન્દ્રમાં મળતી મફત કાઉન્સેલિંગ સેવાઓ વિશે પણ માહિતી આપવામાં આવી. શાળાના પ્રશાસને આ કાર્યક્રમ બદલ આરોગ્ય ટીમનો આભાર માનતા જણાવ્યું કે આવા આયોજનોથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને તેઓ ભાવનાત્મક રીતે વધુ સજ્જ બને છે. વિદ્યાર્થીઓએ પ્રશ્નોત્તરી દ્વારા પોતાની મુંઝવણો દૂર કરી હતી.

## વડોદરા: સિંગારેટના ધુમાડાથી વૃદ્ધાને લૂટનાર 2 ગઠિયા પકડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સંસ્કારી નગરી વડોદરામાં લૂંટારુ ટોળકીઓ હવે વૃદ્ધાઓને સોફ્ટ ટાર્ગેટ બનાવી રહી છે. ઉંડેરા ગામની નવી વસાહતમાં 65 વર્ષીય જશોદાબેન સોલંકી સાથે બનેલી ઘટનામાં લૂંટની નવી મોડસ ઓપરેન્ડી સામે આવી છે. બે ગઠિયાઓએ માત્ર વાતોમાં જ નહીં, પણ નશાકારક ધુમાડાનો પ્રયોગ કરી વૃદ્ધાને લૂંટી લીધી. ભોગ બનનાર જશોદાબેને જણાવ્યું કે, "ગઠિયાએ મોં પર સિગારેટનો ધુમાડો ફૂંક્યો તે પછી મને કંઈ જ ભાન રહ્યું નહોતું." આરોપીઓએ બુટ્ટીઓ રૂમાલમાં મુકાવી તેની જગ્યાએ પથ્થરના ટુકડા મૂકી દીધા હતા. આ મામલે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પી.આઈ.ની ટીમે કલાકોમાં જ આરોપીઓની ઓળખ કરી અર્જુન મારવાડી અને પ્રકાશ ઉર્ફે પકાને પકડી પાડ્યા છે. આ ધરપકડ બાદ પોલીસ રેકોર્ડ તપાસતા ચોંકાવનારી વિગતો મળી છે. પકડાયેલા બંને શખ્સો પ્રોફેશનલ ગુનેગારો છે. અર્જુન પર ચોરી અને મારામારીના 6 કેસ છે અને તે પાસા (PASA) હેઠળ જેલ પણ જઈ આવ્યો છે, જ્યારે પ્રકાશ ચેન સ્નેચિંગ અને ચોરીના 7 ગુનામાં સંડોવાયેલ છે. સવાલ એ છે કે આવા રીઢા ગુનેગારો વારંવાર જેલમાંથી છૂટીને જનતાને કેમ લૂંટી રહ્યા છે? શું કાયદાનો કોરડો આવા તત્વો સામે ટૂંકો પડી રહ્યો છે?

# તડકેશ્વર ટાંકી દુર્ઘટના: SVNIT-GERI રિપોર્ટમાં 100% ભ્રષ્ટાચાર ખુલ્લો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે 21 કરોડના ખર્ચે બનેલી પાણીની ટાંકી ધરાશાયી થવાના કેસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. SVNIT અને GERI જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓના રિપોર્ટ મુજબ, સરકારી કામમાં થયેલો 100% ભ્રષ્ટાચાર ઉઘાડો પડ્યો છે. ટાંકીના બાંધકામમાંથી લેવાયેલા તમામ 13 સેમ્પલ્સ લેબોરેટરી ટેસ્ટમાં નિષ્ફળ ગયા છે. પાયાના ભાગમાં મજબૂતી નિર્ધારિત માપદંડો કરતા 70% ઓછી જોવા મળી છે. GERI ના રિપોર્ટમાં સાત સેમ્પલ પૈકી મોટાભાગના સેમ્પલ્સમાં કોંક્રિટની સ્ટ્રેન્થ 30 ની સામે માત્ર 8.44 થી 9.48 જ આવી છે. બીજી તરફ SVNIT એ તપાસેલા 6 સેમ્પલમાં પણ ગંભીર ક્ષતિઓ મળી છે, જેમાં સૌથી નબળું સેમ્પલ માત્ર 27% મજબૂતી ધરાવે છે. નિષ્ણાત ડૉ. અતુલ દેસાઈના મતે, આટલી હલકી ગુણવત્તાનું કોંક્રિટ પાણીનો ભાર સહન કરવા માટે સક્ષમ જ નહોતું. કોન્ટ્રાક્ટરે સિમેન્ટ ચોરી કરીને માત્ર રેતી અને કપચીના સહારે કરોડોનું બાંધકામ ઊભું કરી દીધું હતું. આ રિપોર્ટ સાબિત કરે છે કે સરકારી નાણાંની સરેઆમ લૂંટ થઈ છે. શું તંત્ર આ ગુનાહિત બેદરકારી બદલ કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી તેની મિલકતો જપ્ત કરશે? જનતાના ટેક્સના પૈસાનો આટલો નિર્લજ્જ દુરુપયોગ અત્યંત શરમજનક છે.



**તડકેશ્વર પાણીની ટાંકી દુર્ઘટનામાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. SVNIT અને GERI ના રિપોર્ટ મુજબ તમામ 13 સેમ્પલ ફેઈલ થયા છે. બાંધકામમાં નિર્ધારિત માપદંડ કરતા 70% નબળું મટીરિયલ વાપરી જનતાના 21 કરોડ રૂપિયા પાણીમાં હોમી દેવાયા છે.**

### ગુનેગાર આશિષ ચીકણાની દાદાગીરી, ફરી પોલીસને પડકાર



**દૈનિક પલ્સ સમાચાર:** સુરતમાં પોલીસનો ખોફ ઓગળી રહ્યો હોય તેમ લાગે છે. કુખ્યાત 'ચીકનો' પાંડે ફરી લક્ઝરી કારના કાફલા સાથે દાદાગીરીનું પ્રદર્શન કરતો જોવા મળ્યો છે. અગાઉ માફી માગ્યા બાદ ફરી પાંચ મહિનામાં જ તેણે 'અમે અહીંના બાહુબલી છીએ' તેવા ઉદ્ધત ડાયલોગ સાથે પોલીસને સીધો પડકાર ફેંક્યો છે. પ્રજામાં ભય ફેલાવવાના આ પાયા વિહોણા 'રોલા' સામે સુરત પોલીસની નબળી પકડ દેખાઈ રહી છે. શું આ ગુનેગારની શાન ઠેકાણે લાવવા પોલીસ કોઈ નક્કર કાર્યવાહી કરશે?

### બાલાસિનોર: સગીરને પોલીસ માર મામલે ધવલસિંહ ઝાલા મેદાને



**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોરમાં પોલીસનો અમાનવીય ચહેરો સામે આવ્યો છે. ચોરીની શંકાએ સગીરને ઢોર માર માર્યાના આક્ષેપથી રોષ ફેલાયો છે. ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ પરિવારની મુલાકાત લીધી ત્યારે પૂર્વ ધારાસભ્ય રાજેશ પાઠકે આને "બાલાસિનોરનો અંદરનો પ્રશ્ન" ગણાવી બહારના નેતાઓને દખલ ન કરવા જણાવી તપાસ પર ભરોસો વ્યક્ત કર્યો છે. સવાલ એ છે કે શું પીડિતને ન્યાય મળશે કે રાજકીય ખેંચતાણમાં સત્ય દબાઈ જશે?

### સગીરને પોલીસ માર મામલે DySP નો પોલીસ બચાવ



**દૈનિક પલ્સ સમાચાર:** બાલાસિનોર પોલીસે રક્ષકના બદલે ભક્ષક બની સગીરને ઢોર માર માર્યો હોવાનો ગંભીર વિવાદ વકર્યો છે. ચરણ પાદુકા ચોરીમાં શંકાના આધારે સગીરને પોલીસ સ્ટેશન બોલાવી પટ્ટાથી માર માર્યાનો આક્ષેપ છે. જોકે, DySP કમલેશ વસાવાએ 'ઈજાના નિશાન નથી' તેમ કહી ખાખીનો બચાવ કર્યો છે. ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને માનસિંહ ચૌહાણે ન્યાયની માંગ કરતા પોલીસ હવે તપાસના બહાને ભીનું સંકેલવાની ફિરાકમાં હોય તેમ લાગે છે.

# વડોદરા ડ્રગ્સ કાંડ: SOG PI રાતડાની બદલી, ASI લક્ષ્મીકાંત દેસાઈ જેલહવાલે

## વડોદરા ડ્રગ્સ કાંડ: SOG PI રાતડાની બદલી, ASI ના ડ્રગ્સ કનેક્શન

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર પોલીસ વિભાગમાં ડ્રગ્સ કાંડના ભીષણ વિસ્ફોટ બાદ હલચલ મચી ગઈ છે. SOG બ્રાન્ચમાં ફરજ બજાવતા ASI લક્ષ્મીકાંત દેસાઈની ડ્રગ્સ પેડલર અમરીકસિંઘ ઉર્ફે સોનુ સાથેની સંડોવણી બાદ હવે PI એસ.ડી. રાતડા પર ગાજ પડી છે. પોલીસ કમિશનરે PI રાતડાને લીવ રિઝર્વમાં મોકલીને સફાઈ અભિયાન શરૂ કર્યું છે, પરંતુ આ તો માત્ર હિમશિલાની ટોચ હોવાનું જણાય છે. સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની તપાસમાં ASI દેસાઈ પાસેથી અન્ય વ્યક્તિના નામે નોંધાયેલું સીમકાર્ડ મળી આવ્યું છે, જેનો ઉપયોગ ડ્રગ્સના કાળા કારોબારમાં થતો હતો. પોલીસે આરોપીઓના બેંક ખાતાઓની તપાસ શરૂ કરી છે, જેમાં મોટા પાયે નાણાકીય વ્યવહારો મળવાની સંભાવના છે. 9 જાન્યુઆરીએ રેલવે સ્ટેશન પરથી પકડાયેલા 48 લાખના હેરોઈન કેસમાં પોલીસ જવાનની સીધી ધરપકડ એ વાતનો પુરાવો છે કે ખાખીના ઓથા હેઠળ વડોદરામાં ડ્રગ્સનું નેટવર્ક ફેલાયેલું છે.

ASI ના 5 ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે. SMC ની ટીમ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે પોલીસની આ મિલીભગત પાછળ કોઈ મોટું આર્થિક કૌભાંડ છુપાયેલું છે કે કેમ. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ડ્રગ્સ માફિયાઓને પોલીસના જ અમુક ભ્રષ્ટ તત્વોનું પ્રોત્સાહન મળી રહ્યું છે, જે શહેરના યુવાધનને ખોખલું કરી રહ્યું છે.



**વડોદરા ડ્રગ્સ કાંડમાં ખાખી દાગદાર થઈ છે! SOG ના PI એસ.ડી. રાતડાની બદલી કરાઈ છે, જ્યારે ASI લક્ષ્મીકાંત દેસાઈની ધરપકડ બાદ તેના બેંક વ્યવહારોની તપાસ શરૂ થઈ છે. પોલીસ અને પેડલરોનું આ નાપાક ગઠબંધન શહેરને બરબાદ કરી રહ્યું છે.**

# બરોડા હાઈસ્કુલ ONGCનો વાર્ષિક રમતોત્સવ ઉત્સાહભેર સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** શિક્ષણની સાથે રમતગમત ક્ષેત્રે પણ અગ્રેસર રહેતી બરોડા હાઇસ્કુલ ONGC ના પ્રાથમિક વિભાગનો વાર્ષિક રમતોત્સવ આજે રંગેચંગે યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે જાણીતા ખેલાડી સમીર ગાયકવાડ અને શાળાના ટ્રસ્ટી જગદીશ શુક્લાએ હાજરી આપી વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું. માર્ચપાસ્ટના શિસ્તબદ્ધ દ્રશ્યો સાથે શરૂ થયેલા આ મહોત્સવમાં ધોરણ ૩ થી ૮ ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વ્યક્તિગત રમતો જેવી કે ૧૦૦ મીટર દોડ, ફ્રોગ જમ્પ અને બુક બેલેન્સમાં બાળકોની ચપળતા જોવા મળી હતી, જ્યારે ખો-ખો, કબડ્ડી અને ક્રિકેટ જેવી ટીમ રમતોમાં ખેલદિલીનો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ગત વર્ષે રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે શાળાનું નામ રોશન કરનાર વિદ્યાર્થીઓને ખાસ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આચાર્ય પ્રિયાના માર્ગદર્શન હેઠળ વ્યાયામ શિક્ષકો અમિત પરમાર અને નરેન્દ્ર ગોસાઈ દ્વારા સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. આવા આયોજનો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં પાયાની ભૂમિકા ભજવે છે.






# અકસ્માત નોતરતી ગેરકાયદે વ્હાઈટ લાઈટ્સનું બજારમાં બેરોકટોક વેચાણ, તંત્ર લાચાર

**દૈનિક પલ્સ સમાચાર:** રાજ્યના વાહનવ્યવહાર કમિશનરના પરિપત્ર છતાં વાહનોમાં વપરાતી જોખમી વ્હાઈટ LED લાઈટ્સનું વેચાણ અટકવાનું નામ લેતું નથી. રાજકોટ અને વડોદરામાં થયેલા રિયાલિટી ચેકમાં તંત્રની નિષ્ફળતા અને વેપારીઓની દાદાગીરી ઉઘાડી પડી છે. નિયમ મુજબ વાહનોમાં માત્ર ૭૦ વોટ સુધીની લાઈટ લગાવી શકાય છે, પરંતુ બજારમાં ૩૦૦ વોટ સુધીની 'આંખે અંધારા લાવી દેતી' લાઈટ્સ કોન્ફિડન્સથી વેચાઈ રહી છે. વેપારીઓ સ્ટિંગ ઓપરેશનમાં કેમેરા સામે કહી રહ્યા છે કે, "ચેકિંગ હોય ત્યારે ધ્યાન રાખવાનું, બાકી આ બધું ચાલ્યા જ કરવાનું છે." આ નિવેદન સાબિત કરે છે કે તેમને કાયદાનો કોઈ ડર નથી. બીજી તરફ, RTO તંત્ર પાસે આ લાઈટ્સની તીવ્રતા માપવા માટેના 'લક્સ મીટર' જેવા પાયાના સાધનો પણ નથી. અધિકારીઓ લૂલો બચાવ કરી રહ્યા છે કે તેઓ માત્ર વાહનચાલકોને દંડ કરી શકે છે, પણ ગેરકાયદે વેચાણ કરતા ડીલરો સામે કાર્યવાહી કરવાની તેમની પાસે સત્તા નથી. પરિણામે, હાઈવે પર સામેથી આવતા વાહનચાલકો અંજાઈ જાય છે અને ગંભીર અકસ્માતો સર્જાય છે. એક તરફ ૫૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ છે, પણ બીજી તરફ જે બજારમાંથી આ જોખમ પેદા થાય છે ત્યાં કોઈ જ રોકટોક નથી. આ કેવી વ્યવસ્થા છે જ્યાં ગુનેગાર બજારમાં ફરે છે અને મજબૂર નાગરિક દંડાય છે?



**રાજ્યમાં અકસ્માત નોતરતી ગેરકાયદે વ્હાઈટ લાઈટ્સનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. RTOની ડ્રાઈવ વચ્ચે વેપારીઓ ખુલ્લેઆમ ૨૫૦ થી ૩૦૦ વોટની લાઈટ્સ વેચી રહ્યા છે. તંત્ર પાસે લાઈટ માપવાના સાધનો પણ નથી, જે સરકારી કામગીરીની પોલ ખોલે છે.**

# વડોદરા: મિત્રએ મિત્રને ચપ્પુ માર્યું, ગાંજાના ધંધાનો વિવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ગોત્રી રોડ પર આવેલી વુડાની વસાહતો હવે ગુનાખોરી અને નશાના અડ્ડામાં પરિવર્તિત થઈ રહી છે. ગતરોજ રાત્રે ડી.જે. ઓપરેટર મનોજ ફુલમાળી પર તેના જ મિત્ર યશ ઉર્ફે લસ્સીએ ચપ્પુના ૪ ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી હતી. જૂની અદાવત અને ગાંજાના વેપારમાં અડચણ ન બનવાની ધમકી સાથે થયેલા આ હુમલાએ વિસ્તારમાં ફફડાટ ફેલાવ્યો છે.

ભોગ બનનાર મનોજનું કહેવું છે કે લસ્સી તેને ગાંજાનો ધંધો કરવા દેવા માટે દબાણ કરી રહ્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જો ૧૦ લોકો બચાવવા ન આવ્યા હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ હોત. જોકે લક્ષ્મીપુરા પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે, પરંતુ સવાલ એ છે કે રહેણાંક વિસ્તારોમાં આવા અસામાજિક તત્વો ખંજર લઈને કેમ ફરે છે? પોલીસ પેટ્રોલિંગના દાવા વચ્ચે નશાના સોદાગરો આટલા બેફામ કેવી રીતે બન્યા? આ ઘટના વડોદરાની કથળતી કાયદો અને વ્યવસ્થાની ચાડી ખાય છે.

**પાપનો ઘડો ફૂટ્યો છે! સુરતના પુણામાં ૩ વર્ષ પહેલાં સગીરોએ નશામાં મિત્રની હત્યા કરી લાશ દાટી દીધી હતી. પોલીસે ૧૫ હજાર સ્ક્વેર ફૂટમાં ખોદકામ કર્યું છતાં હજુ સુધી નરાધમોએ દાટેલું 'સત્ય' મળતું નથી. તંત્રની લાચારી સામે સવાલ!**

# લાંભા: AMC ના મોતનો ખાડો, બે ગાયોના કરુણ મોત

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ ઝોન ઇજનેર વિભાગ અને કોન્ટ્રાક્ટરની ગુનાહિત બેદરકારીનો ભોગ હવે અબોલ પશુઓ બની રહ્યા છે. લાંભા વોર્ડના ગોપાલપુર ગામમાં ગટર લાઈન માટે મોટો ખાડો ખોદવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુરક્ષા માટે કોઈ બેરિકેડિંગ કે ચેતવણી બોર્ડ લગાવવામાં આવ્યા નહોતા. પરિણામે વહેલી સવારે પાંચ જેટલા પશુઓ આ ખાડામાં ખાબક્યા હતા. સ્થાનિકોએ ભારે જહેમત બાદ ત્રણ પશુઓને જીવતા બહાર કાઢ્યા હતા, જે હાલ અધમૂઈ હાલતમાં છે, જ્યારે બે ગાયોના ખાડામાં જ કરુણ મોત નીપજ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, જ્યારે સ્થળ પર બેરિકેડિંગનું નામોનિશાન નથી, ત્યારે અધિકારીઓ બેશરમીથી એવો બચાવ કરી રહ્યા છે કે બેરિકેડિંગ હતું અને ગાયો લડતી હતી એટલે પડી ગઈ. એક તરફ ભાજપના નેતાઓ લાંભામાં તળાવ ગાર્ડનના લોકાર્પણ અને ઉત્સવોમાં મશગૂલ છે, ત્યારે બીજી તરફ તંત્રની આ લાપરવાહીએ ગાયોનો ભોગ લીધો છે. શું તંત્ર આ અકસ્માત બાદ કોન્ટ્રાક્ટર સામે કોઈ પગલાં લેશે કે પછી તપાસના નામે ભીનું સંકેલાઈ જશે?



# અમદાવાદ: અસારવામાં કેન્સરની બીમારીથી કંટાળી આધેડનું આત્મવિલોપન

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં અસારવા ચકલા પાસે ૨ ફેબ્રુઆરીની રાત્રે એક હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં એક કેન્સરગ્રસ્ત આધેડે બીમારીની અસહ્ય વેદનાથી મુક્તિ મેળવવા માટે જાહેરમાં આત્મવિલોપન કર્યું હતું. રાત્રે અંદાજે ૯:૩૦ વાગ્યાના સુમારે આ આધેડ વ્યક્તિ શરીર પર જ્વલનશીલ પ્રવાહી છાંટીને જાહેરમાં આવ્યા હતા અને પોતે જ પોતાની જાતને આગ ચાંપી દીધી હતી. રસ્તા પર જતી વ્યક્તિને આ રીતે સળગતી જોઈ આસપાસના દુકાનદારો અને રહીશો દોડી આવ્યા હતા. લોકોએ સમયસૂચકતા વાપરીને નળ અને ડોલ વડે પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી, પરંતુ ત્યાં સુધીમાં આધેડ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં મોડી રાત્રે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મૃતક વ્યક્તિ અગાઉ અસારવા વિસ્તારમાં જ રહેતા હતા અને તેમનો પરિવાર પણ આ જ વિસ્તારમાં સ્થાયી છે. કેન્સર જેવી જીવલેણ બીમારીને કારણે તેઓ શારીરિક રીતે નબળા પડ્યા હતા અને કદાચ આર્થિક તંગી તેમજ માનસિક તણાવમાં જીવી રહ્યા હતા. બીમારીથી કંટાળીને જ તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તારણ છે. જાહેરમાં બનેલી આ ઘટનાને કારણે સ્થાનિકોમાં ગમગીની છવાઈ ગઈ છે. ગંભીર બીમારીના દર્દીઓ જ્યારે આશા ગુમાવી દે છે ત્યારે કેવી ગંભીર સ્થિતિ સર્જાય છે તેનું આ વરવું ઉદાહરણ છે. હાલ આ મામલે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ દુઃખદ ઘટનાએ ફરી એકવાર સમાજમાં માનસિક સ્વાસ્થ્ય અને દર્દીઓ પ્રત્યેની સંવેદનશીલતા પર ભાર મૂકવાની જરૂરિયાત સમજાવી છે.

**અમદાવાદના અસારવામાં કેન્સરની બીમારીથી કંટાળી એક આધેડે જાહેરમાં આત્મવિલોપન કર્યું હતું. ગંભીર રીતે દાઝેલા આધેડનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અગાઉ આ જ વિસ્તારમાં રહેતા આધેડે માનસિક વેદનાને કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું મનાય છે.**

# અમદાવાદ દુર્ગા સ્કૂલ કાંડ: ૧૦ દિવસ સુધી ઘટના છુપાવી

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદની મણિનગર સ્થિત દુર્ગા સ્કૂલની ઘોર બેદરકારી અને વિદ્યાર્થીઓના જીવ સાથેની રમતનો પર્દાફાશ થયો છે. એક માસૂમ બાળકના પાણીમાં કેમિકલયુક્ત ડામરની ગોળીઓ ભેળવવાની ઘટનાએ સમગ્ર શહેરને હચમચાવી દીધું છે. ૨૩ જાન્યુઆરીના રોજ ધોરણ ૬ માં જે અદાવત સર્જાઈ, તેમાં શાળા સંચાલકોની ભૂમિકા અત્યંત શંકાસ્પદ રહી છે.

CCTV ફૂટેજમાં સ્પષ્ટ દેખાય છે કે એક વિદ્યાર્થી છૂપી રીતે બોટલમાં ઝેર સમાન ગોળીઓ નાખી રહ્યો છે. બાળક આ પાણી પીવે છે અને તેને હોસ્પિટલ લઈ જવો પડે છે, છતાં સ્કૂલ પ્રશાસને ૧૦ દિવસ સુધી આ ઘટનાને 'સેટલ' કરવાના પ્રયાસો કર્યા. જિલ્લા શિક્ષણાધિકારી (DEO) ને નિયમ મુજબ તુરંત જાણ કરવાની તસ્દી સુદ્ધાં લેવાઈ નહીં. ઉલટાનું જ્યારે પાપ છુપાવી ન શકાયું ત્યારે સંચાલકોએ બચાવ કર્યો કે બાળકે પાણી પીધું જ નથી. આ ઘટનાએ સાબિત કર્યું છે કે ખાનગી શાળાઓ માટે પોતાની છબી સાચવવી એ બાળકના જીવ કરતા વધુ મહત્વની છે. DEO રોહિત ચૌધરીએ સ્કૂલને શો-નોટિસ ફટકારી ખુલાસો માંગ્યો છે. વાલીઓ સવાલ કરી રહ્યા છે કે જો બાળકની તબિયત ગંભીર રીતે બગડી હોત તો જવાબદારી કોની? આવી બેજવાબદાર શાળાઓ સામે માત્ર નોટિસ નહીં પણ કડક શિક્ષાત્મક પગલાં લેવાની જરૂર છે.

**અમદાવાદની દુર્ગા સ્કૂલમાં વિદ્યાર્થીના પાણીમાં ડામરની ગોળીઓ નાખવાની હચમચાવતી ઘટના સામે આવી છે. શાળા તંત્રએ ૧૦ દિવસ સુધી આ ગંભીર પાપને દબાવી રાખ્યું હતું. બાળકોના જીવ જોખમાયા હોવા છતાં DEOને જાણ ન કરી ગુનાહિત બેદરકારી દાખવી છે.**

# કોંગ્રેસની બેઠકમાં 'ભારત જોડો ન્યાય યાત્રા' સફળ બનાવવા રણનીતિ ઘડાઈ

**દૈનિક પલ્સ સમાચાર**: ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા આજે આદરણીય શ્રી રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં ચાલી રહેલી રાષ્ટ્રવ્યાપી "ભારત જોડો ન્યાય યાત્રા" અને "ડોનેશન ફોર ન્યાય" કાર્યક્રમના સુચારુ અમલીકરણ માટે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સ્થિત પ્રદેશ કાર્યાલય ખાતે મળેલી આ મીટીંગમાં કેન્દ્રીય નેતૃત્વ અને ગુજરાતના વરિષ્ઠ નેતાઓએ સાથે મળીને આગામી રણનીતિ પર મંથન કર્યું હતું. આ બેઠકની અધ્યક્ષતા અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) ના સહ-ખજાનચી માનનીય શ્રી વિજય ઇન્દ્ર સિંગલાજીએ કરી હતી, જેઓએ "ડોનેશન ફોર ન્યાય" અભિયાનની પારદર્શકતા અને મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ગુજરાત વિધાનસભાના ઉપનેતા શ્રી શૈલેષ પરમાર અને પ્રદેશ કાર્યકારી અધ્યક્ષ શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલે ગુજરાતમાં યાત્રાના આગમન પૂર્વેની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષ નેતા શેહજાદ ખાન પઠાણે શહેર સ્તરે જનસંપર્ક વધારવા સૂચનો આપ્યા હતા. યુવા પાંખનું નેતૃત્વ કરતા હરપાલસિંહ ચુડાસમાએ યુવાનોમાં ન્યાય યાત્રા પ્રત્યે રહેલા ભારે ઉત્સાહ અંગે માહિતી આપી હતી. તે જ રીતે, પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુમ્મર અને અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ કામિનીબેન સોનીએ મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પ્રવાસ યોજવાનો નિર્ણય લીધો હતો. નેતાઓએ એકમત વ્યક્ત કર્યો હતો કે "ડોનેશન ફોર ન્યાય" એ માત્ર ફંડ એકત્રીકરણ નથી, પરંતુ સામાન્ય પ્રજા દ્વારા ન્યાયની લડાઈને આપવામાં આવેલું સમર્થન છે. બેઠકમાં વરિષ્ઠ આગેવાનો દ્વારા યાત્રાના માર્ગ પર યોજાનારી સભાઓ, જનસંપર્ક અને લોજિસ્ટિક્સ બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી. આ યાત્રા દ્વારા કોંગ્રેસ પક્ષ મોંઘવારી, બેરોજગારી અને અન્યાય સામે અવાજ ઉઠાવશે. સંગઠનના વિવિધ વિભાગો વચ્ચે સંકલન સાધીને ગુજરાતમાં આ યાત્રાને અભૂતપૂર્વ સફળતા અપાવવા માટે તમામ હોદ્દેદારોએ સંકલ્પ કર્યો હતો. આ બેઠકથી ગુજરાત કોંગ્રેસના કાર્યકરોમાં એક નવો ઉત્સાહ અને આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો, જે આગામી સમયમાં રાજકીય માહોલમાં મોટું પરિવર્તન લાવવા સક્ષમ છે.



## પાદરા: મહીસાગરમાં ઓવરલોડ નાવડી પલટી, ગંભીરા બ્રિજ બંધ હોવાથી જોખમી મુસાફરી

### પાદરા: મહીસાગરમાં ઓવરલોડ નાવડી પલટી, મોટી દુર્ઘટના ટળી

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના પાદરા તાલુકાની જનતા આજે ફરી એકવાર ફફડાટમાં છે. મહીસાગર નદીના પટમાં નાવડી પલટી જવાની ઘટનાએ સાબિત કરી દીધું છે કે ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ પણ સરકારી તંત્ર જાગ્યું નથી. ગત વર્ષે ૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ જ્યારે ગંભીરા બ્રિજ ધરાશાયી થયો અને ૨૨ પરિવારો ઉજાડી નાખ્યા, ત્યારે મોટા મોટા વાયદાઓ કરવામાં આવ્યા હતા. પરંતુ આજે મહિનાઓ પછી પણ પરિસ્થિતિ જસની તસ છે. મુજપુર અને ગંભીરાને જોડતો રસ્તો બંધ હોવાથી હજારો લોકો દરરોજ નાવડીમાં જીવ જોખમે મૂકી રહ્યા છે.

આજની દુર્ઘટના એ ઓવરલોડિંગ અને તંત્રની ઘોર લાપરવાહીનું પરિણામ છે. ક્ષમતા કરતા વધુ લોકોને બેસાડીને ચાલતી નાવડી નદીમાં પલટી ગઈ હતી. સદનસીબે તે કાંઠાની નજીક હોવાથી મોટી જાનહાનિ અટકી છે, પરંતુ આ ઘટનાએ વહીવટી તંત્રની આંખ ખોલવાની જરૂર છે. શું કલેક્ટર કે સિંચાઈ વિભાગના અધિકારીઓ આ રસ્તે ક્યારેય મુસાફરી કરે છે? નાવડી ચાલકો બેરોકટોક વધુ પૈસા કમાવવાની લાલચે પેસેન્જરોને ઘેટા-બકરાની જેમ ભરે છે અને તંત્ર તેને "મજબૂરી" નું નામ આપીને છૂટો દોર આપે છે.

નાવડી પલટતા લોકોનો સામાન અને વાહનો નદીમાં ગરકાવ થયા છે, જેના નુકસાનની ભરપાઈ કોણ કરશે? શું સરકાર માત્ર બ્રિજ તૂટ્યા બાદ વળતર જાહેર કરવામાં જ રસ ધરાવે છે? લોકોના જીવ બચાવવા માટે કે બ્રિજના ત્વરિત કામ માટે કેમ કોઈ નક્કર પગલાં લેવાતા નથી? આજની આ ઘટના તંત્રના ચહેરા પર એક કાળો ડાઘ છે. જો યુદ્ધના ધોરણે બ્રિજની કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે અને નાવડીઓ પર કડક અંકુશ નહીં લગાવાય, તો પાદરા અને વડોદરાની જનતા ફરી એકવાર મોટી હોનારતનો ભોગ બનશે તે નક્કી છે. **રિપોર્ટ : મહેન્દ્ર સોલંકી**

**૨૨ લોકોનો ભોગ લેનારી ગંભીરા બ્રિજ દુર્ઘટનામાંથી તંત્રએ કોઈ પાઠ ભણ્યો નથી. આજે પાદરા પાસે મહીસાગરમાં ક્ષમતા કરતા વધુ પેસેન્જરો ભરેલી નાવડી પલટી જતાં લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. સદનસીબે દુર્ઘટના કિનારા પાસે થઈ એટલે જાનહાનિ ટળી, પણ શું તંત્ર કોઈ મોટી લાશની રાહ જોઈ રહ્યું છે? બ્રિજ તૂટ્યાને મહિનાઓ વીત્યા છતાં વૈકલ્પિક વ્યવસ્થાના નામે શૂન્ય કામગીરી છે, પરિણામે સામાન્ય જનતા રોજ મોતના મુખમાં મુસાફરી કરવા મજબૂર બની છે.**

## બાબરા: થોરખાણ થી લોન કોટડા રોડનું ભવ્ય ખાતમુહૂર્ત

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વિકાસમાં વધુ એક કલગી ઉમેરાઈ છે. ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયાના હસ્તે થોરખાણ થી લોન કોટડાને જોડતા મુખ્ય માર્ગનું ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. વર્ષો જૂની આ માર્ગની માંગણી સંતોષાતા સ્થાનિક રહીશોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમમાં બાબરા તાલુકા ભાજપ પ્રમુખ શ્રી બાબુભાઈ રામાણી, લોન કોટડાના સરપંચ શ્રી ગોવિંદભાઈ ચાવડા, થોરખાણના સરપંચ શ્રી ભોલાભાઈ તેમજ યુવા આગેવાન અશ્વિનભાઈ સાકરિયા સહિતના મહાનુભાવો જોડાયા હતા. ખાતમુહૂર્ત બાદ ધારાસભ્યએ ગ્રામજનોને સંબોધતા કહ્યું કે, ભાજપ સરકારના શાસનમાં વિકાસકામોની વણઝાર ચાલુ છે અને ટૂંક સમયમાં જ આ માર્ગ તૈયાર કરી જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. આ રસ્તો બનવાથી વાહનચાલકોના સમય અને ઈંધણની બચત થશે તેમજ ચોમાસા દરમિયાન પડતી મુશ્કેલીઓમાંથી મુક્તિ મળશે. ગ્રામજનોએ આ વિકાસલક્ષી અભિગમ બદલ ધારાસભ્યશ્રી અને સરકારનો આભાર માન્યો હતો.

**રિપોર્ટ : મનીષ રામાણી**

**બાબરા તાલુકાના વિકાસને વેગ! ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે થોરખાણથી લોન કોટડા રોડનું ભવ્ય ખાતમુહૂર્ત કરાયું. લાંબા સમયની ગ્રામજનોની માર્ગની સુવિધા હવે સાકાર થશે, જેનાથી અંતરિયાળ વિસ્તારોની કનેક્ટિવિટી મજબૂત બનશે.**

## બોટાદ: ગુણસાગર સ્વામીની રવિ સભા અને ભવ્ય ખમણ ઉત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદમાં ભક્તિ, સંગીત અને સેવાનો અદભૂત ત્રિવેણી સંગમ રચાયો હતો. પૂજ્ય ગુણસાગર સ્વામીના વક્તાપદે યોજાયેલી રવિ સભામાં હરિભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. સ્વામીજીએ પોતાની મધુર વાણીમાં ભગવાન સ્વામિનારાયણના દિવ્ય ચરિત્રો અને ગોપાલાનંદ સ્વામીએ પધરાવેલા ચરણારવિંદના પ્રતાપ વિશે વિગતવાર છણાવટ કરી હતી. સભામાં સામાજિક અને રાજકીય સૌહાર્દના દર્શન થયા હતા, જ્યારે સહકારી ક્ષેત્રના અગ્રણી મયુરધ્વજસિંહ ભાટીએ પૂજ્ય સ્વામીજીનું સન્માન કર્યું હતું. ભક્તોએ ભક્તિભાવપૂર્વક ગુરુ પૂજન કર્યું હતું, જે ગુરુ-શિષ્ય પરંપરાની ગરિમા વધારે છે. આ રવિ સભાનું એક વિશેષ આકર્ષણ 'ખમણ ઉત્સવ' હતું, જેમાં તમામ ઉપસ્થિત ભાવિકોને ગરમાગરમ ખમણનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. કોઠારી શુકસ્વરૂપ સ્વામીના માર્ગદર્શન હેઠળ અનુપ સ્વામી, માધવપ્રિય સ્વામી, ઘનશ્યામ સ્વામી અને યુગ ભગતે રાત-દિવસ એક કરીને સભાની વ્યવસ્થા સંભાળી હતી. બોટાદ સ્વામિનારાયણ મંદિર હંમેશા આવા જન કલ્યાણકારી અને ભક્તિપ્રધાન કાર્યક્રમો માટે જાણીતું છે. આ સભામાં કથા શ્રવણ બાદ હરિભક્તોએ ખમણ પ્રસાદનો આનંદ માણી ધન્યતા અનુભવી હતી.

**રિપોર્ટ : કનુભાઈ ખાચર**



## બોટાદ: દિવ્ય શાકોત્સવ અને ૭૦૦ બાળકોને કિટ વિતરણ

**દૈનિક પલ્સ સમાચાર:** બોટાદની ધરા પર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન - મણિનગર દ્વારા ભક્તિ અને સેવાનો અદભૂત ત્રિવેણી સંગમ રચાયો. ૨ ફેબ્રુઆરીના રોજ આચાર્ય શ્રી જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી દિવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ભાવિકો દ્વારા ભવ્ય સ્વાગત સામૈયું કાઢવામાં આવ્યું હતું, ત્યારબાદ ભક્તોએ અન્નકૂટોત્સવના દિવ્ય દર્શનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે આચાર્ય સ્વામીજી મહારાજે ઉપસ્થિત હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. ઉત્સવની વિશેષતા એ રહી કે ધાર્મિક વિધિઓની સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા બે દિવસ દરમિયાન પ્રાથમિક શાળાના ૭૦૦થી વધુ બાળકોને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે યોજાયેલા સાંસ્કૃતિક રાસમાં હરિભક્તો ભક્તિના રંગે રંગાયા હતા. પૂજ્ય પરમાનંદ સ્વામી, પ્રશાંત સ્વામી અને સંતોની નિશ્રામાં યોજાયેલા આ કાર્યક્રમમાં બોટાદ સિદ્ધાંત સજીવન મંડળના સભ્યોએ દિવસ-રાત એક કરીને વ્યવસ્થા સંભાળી હતી. મોટી સંખ્યામાં ઉમટેલી જનમેદનીએ શાકોત્સવના પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

**રિપોર્ટ : કનુભાઈ ખાચર**





'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

## બોરીઆવી BSG કેન્દ્રમાં ૨૪ સ્કાઉટર્સનો ગૌરવપૂર્ણ દીક્ષા વિધિ સમારોહ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ભારત સ્કાઉટ ગાઈડ સંઘના માધ્યમથી રાષ્ટ્ર નિર્માણના કાર્યોમાં જોડાવા માટે બોરીઆવી ખાતે નવો જોમ અને જુસ્સો જોવા મળ્યો હતો. ૧ ફેબ્રુઆરીના રોજ ગુજરાત રાજ્ય BSG ટ્રેનિંગ સેન્ટર ખાતે એડવાન્સ તથા બેઝિક સ્કાઉટ માસ્ટર કોર્સના ભાગરૂપે દીક્ષા વિધિ સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દાનવીર શ્રી મહેન્દ્રભાઈ પટેલ (મેક દાદા) ની વિશેષ ઉપસ્થિતિએ વાતાવરણને ગૌરવપૂર્ણ બનાવ્યું હતું. બોરીઆવી નગરપાલિકાના પ્રમુખ રમીલાબેન ભોઈ, ઉપપ્રમુખ તેજસિંહ પરમાર અને કાઉન્સિલર અલ્પેશભાઈ રાઠોડ જેવા રાજકીય અગ્રણીઓએ પણ દીક્ષાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમારોહમાં ૨૪ સ્કાઉટર્સને કશ્યપભાઈ ઠક્કર દ્વારા વિધિવત રીતે દીક્ષા આપી સંઘના સભ્ય બનાવવામાં આવ્યા હતા. રાજ્ય તાલીમ કમિશ્નર મનહરભાઈ ઠક્કરે વિશ્વ સ્તરે સ્કાઉટિંગની ભૂમિકા અને તેનાથી થતા વ્યક્તિત્વ વિકાસ વિશે પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું. મહેમાનોએ દીક્ષાર્થીઓને મોં મીઠું કરાવી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી. સ્કાઉટિંગની શિસ્તબદ્ધ પરંપરા મુજબ યોજાયેલા આ કાર્યક્રમમાં શારીરિક અને માનસિક ઘડતર પર ભાર મૂકવામાં આવ્યો હતો. અંતે રુચિ ભોજન સાથે આ ગૌરવમય પ્રસંગની પૂર્ણાહુતિ થઈ હતી.

**રિપોર્ટ : પાર્થિવ દવે**



**બોરીઆવી સ્થિત ગુજરાત રાજ્ય BSG ટ્રેનિંગ સેન્ટર ખાતે ૧ ફેબ્રુઆરીના રોજ સ્કાઉટ માસ્ટર કોર્સ અંતર્ગત ગૌરવપૂર્ણ દીક્ષા વિધિ સમારોહ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે દાનવીર મહેન્દ્રભાઈ પટેલ (મેક દાદા) અને બોરીઆવી નગરપાલિકાના પ્રમુખ રમીલાબેન ભોઈ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ૨૪ સ્કાઉટર્સને કશ્યપભાઈ ઠક્કર દ્વારા દીક્ષા અપાઈ હતી. રાજ્ય તાલીમ કમિશ્નર મનહરભાઈ ઠક્કરે વિશ્વસ્તરીય સ્કાઉટ પ્રવૃત્તિઓનું માર્ગદર્શન આપ્યું હતું. મહાનુભાવોએ દીક્ષાર્થીઓનું મોં મીઠું કરાવી આશીર્વચન પાઠવ્યા હતા.**

## નર્મદા: મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાનો ભવ્ય પ્રારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** 'ગામડું જીવંત તો દેશ જીવંત'ના મંત્ર સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના'નું લોન્ચિંગ કર્યું છે. આ કડીમાં નર્મદા જિલ્લાના ભચરવાડા ગામે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજીને ગ્રામીણ વિકાસની નવી ઊંચાઈઓ સર કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારી આર.વી. વાળાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ભચરવાડાના નવીન ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ યોજનાનો મુખ્ય ફોકસ એવી ગ્રામ પંચાયતો પર છે જે તાલુકા મથક ધરાવે છે પણ હજુ નગરપાલિકામાં ભળી નથી. નર્મદા જિલ્લાના તિલકવાડા, ગરુડેશ્વર, દેડિયાપાડા, ચિકદા અને સાગરાબા જેવા તાલુકા મથકોમાં હવે શહેરો જેવી જ ભૌતિક અને આધુનિક માળખાકીય સુવિધાઓ ઊભી કરવામાં આવશે. સરકારનો અભિગમ છે કે ગ્રામ્ય જનતાને આર્થિક તકો માટે શહેરોમાં ભટકવું ન પડે અને ગામડાઓ પોતે જ સ્વનિર્ભર બને. કાર્યક્રમ દરમિયાન આણંદ ખાતેથી મુખ્યમંત્રીશ્રીના ઉદબોધનનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં જનપ્રતિનિધિઓ અને ગ્રામજનો જોડાયા હતા. આ યોજના આગામી સમયમાં ૧૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતી પંચાયતોને સ્માર્ટ વિલેજ તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. નર્મદા જિલ્લામાં આ પ્રારંભથી સ્થાનિક રોજગારી અને માળખાગત સુવિધાઓમાં ક્રાંતિકારી ફેરફાર આવવાની આશા સેવાઈ રહી છે.

**રિપોર્ટ : વસીમ મેમન**



## IPS અજય ચૌધરીએ પચાસમા જન્મદિવસે લાઈવ પેઈન્ટિંગ અને પુસ્તક લોકાર્પણ કર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** આઈપીએસ અધિકારી તરીકેની કડક છબીની પાછળ છુપાયેલા એક મૃદુ અને સર્જનાત્મક એબ્સ્ટ્રેક્ટ આર્ટિસ્ટ અજય ચૌધરી (Ajay Ary) ના પચાસમા જન્મદિવસની ઉજવણી સાચા અર્થમાં 'કલા ઉત્સવ' બની રહી. આ પચાસ વર્ષના પડાવને યાદગાર બનાવવા માટે તેમણે કોઈ ભપકાદાર પાર્ટીના બદલે કલા અને કલાકારો વચ્ચે રહેવાનું પસંદ કર્યું. આ અવસરે તેમણે એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરી બતાવ્યું કે કેવી રીતે શૂન્યમાંથી સર્જનની પ્રક્રિયા આકાર લે છે.

કાર્યક્રમ દરમિયાન તેમણે ઉપસ્થિત કલા જગતના મહાનુભાવો સાથે એબ્સ્ટ્રેક્ટ પેઈન્ટિંગના પ્રવાહો, તેના ભાવ અને આંતરિક અનુભૂતિ વિશે અત્યંત સહજતાથી સંવાદ કર્યો. આ કાર્યક્રમમાં કલાકાર મિત્ર દિલીપ દવે અને અન્ય નિમંત્રિત આર્ટિસ્ટ્સની હાજરીએ વાતાવરણને વધુ પ્રેરણાદાયી બનાવ્યું હતું. સમગ્ર આયોજનની સફળતા પાછળ ગિરિરાજ કડિયાનું સચોટ સંચાલન નોંધપાત્ર રહ્યું હતું. આ ઉજવણીની સૌથી મોટી વિશેષતા અજય ચૌધરી સર દ્વારા લિખિત પુસ્તક "The AI Advantage" નું લોકાર્પણ હતું. આ પુસ્તક આધુનિક સમયમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને કલાના સમન્વય પર પ્રકાશ પાડે છે. દરેક આમંત્રિત કલાકારને આ પુસ્તક અને અજય સરના હસ્તાક્ષરવાળું એક સુંદર પેઈન્ટિંગ ભેટમાં આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના ઉત્તરાર્ધમાં કલાકારોએ અજય ચૌધરી સર સાથે રાત્રિભોજનનો રસાસ્વાદ માણ્યો હતો. આ અનૌપચારિક બેઠકમાં કલા જગતના વિવિધ પાસાઓ, આધુનિક ટેકનોલોજીનો કલામાં ઉપયોગ અને ભારતીય કલાને વૈશ્વિક સ્તરે લઈ જવાના પ્રયાસો પર ગહન ચર્ચાઓ થઈ હતી. પચાસ વર્ષની આ સફરમાં તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે કલાની સાધનાને જે રીતે જીવંત રાખી છે, તે સૌ માટે પ્રેરણારૂપ છે. આ કલાત્મક સાંજ લાંબા સમય સુધી કલાકારોના માનસપટલ પર અંકિત રહેશે.



**જાણીતા એબ્સ્ટ્રેક્ટ આર્ટિસ્ટ અને IPS અજય ચૌધરીએ પોતાના 50મા જન્મદિવસની ઉજવણી કલામય રીતે કરી. આ પ્રસંગે તેમણે લાઈવ પેઈન્ટિંગ ડેમોસ્ટ્રેશન આપી કલાકારો સાથે અનુભવો વહેંચ્યા હતા અને તેમના પુસ્તક "The AI Advantage" નું લોકાર્પણ કર્યું હતું.**


# રાજકોટ ટ્રાફિક સિસ્ટમ ઠપ્પ: ટાઈમર બંધ રહેતા વાહનચાલકો ભારે ટ્રાફિકમાં ફસાયા

## રાજકોટ ટ્રાફિક સિસ્ટમ ઠપ્પ: ટાઈમર બંધ અને જનતા ત્રાહિમામ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં ટ્રાફિક મેનેજમેન્ટના નામે માત્ર લોલમલોલ ચાલી રહ્યું છે. સ્માર્ટ સિટીના મોંઘા પ્રોજેક્ટ્સ વચ્ચે સામાન્ય નાગરિક રસ્તાઓ પર હાંફી રહ્યો છે. નાનામૌવા સર્કલથી કે.કે.વી. ચોક સુધીના માત્ર ૧.૫ કિમીના પેચમાં વાહનચાલકોના જીવનની કિંમતી ૨૦ મિનિટો ધુમાડામાં ઉડી રહી છે. આ સમસ્યા પાછળ તંત્રની અણઆવડત અને આધુનિકતાનો અભાવ જવાબદાર છે.

શહેરના મુખ્ય જંક્શનો પર ટ્રાફિક ટાઈમર બંધ હોવા એ કોઈ ટેકનિકલ ખામી નહીં પણ તંત્રની ગુનાહિત બેદરકારી છે. સિગ્નલ પર ટાઈમર ન હોવાથી ચાલકો 'STOP' લખેલું જોઈને મુંઝવણમાં મુકાય છે અને એન્જિન ચાલુ રાખીને વાયુ પ્રદૂષણમાં વધારો કરે છે. જ્યારે દુનિયા 'ગ્રીન વેવ' અને 'સિંક્રોનાઈઝ સિસ્ટમ' તરફ વળી છે, ત્યારે રાજકોટ હજુ પણ મેન્યુઅલ અને ઠપ્પ પડેલી વ્યવસ્થા પર નિર્ભર છે. નિષ્ણાતોના મતે જો ડિજિટલ માધ્યમથી સિગ્નલોને એકબીજા સાથે સાંકળવામાં આવે, તો ટ્રાફિકનો પ્રવાહ સતત જળવાઈ રહે અને પ્રદૂષણ ૩૦ ટકા જેટલું ઘટી શકે.

કમનસીબી એ છે કે સેન્ટ્રલ કંટ્રોલ રૂમમાં બેસીને માત્ર દંડના ચલાન ફાડવામાં મસ્ત રહેતું તંત્ર રિયલ-ટાઇમ ટ્રાફિક ડેટા મુજબ સિગ્નલના સમયમાં ફેરફાર કરવાની તસ્દી લેતું નથી. પ્રજાના ટેક્સના પૈસાથી મોંઘા કેમેરા અને સેન્સર તો લગાવાયા, પણ તેનો ઉપયોગ ટ્રાફિક સરળ બનાવવા માટે શૂન્ય છે. ઈંધણનો વેડફાટ અને વધતું જતું વાયુ પ્રદૂષણ રાજકોટના નાગરિકોના સ્વાસ્થ્ય સાથેના ચેડાં છે. જો સત્વરે ટાઈમર ચાલુ કરી સિંક્રોનાઈઝ સિસ્ટમ અમલમાં નહીં મુકાય, તો રાજકોટની ગતિશીલતા ટૂંક સમયમાં જ ગૂંગળાઈ જશે. તંત્ર જાગશે કે જનતાએ હજુ ખાડા અને જામમાં જ સડવાનું રહેશે?



**રાજકોટમાં ટ્રાફિક સિસ્ટમ રામભરોસે! ઠપ્પ પડેલા ટાઈમર અને આધુનિક સિંક્રોનાઈઝ્ડ સિસ્ટમના અભાવે જનતાના સમય અને ઈંધણનો ધુમાડો થઈ રહ્યો છે. નાનામૌવા અને કે.કે.વી. ચોક જેવા જંક્શનો હવે વાહનચાલકો માટે ટોર્ચર સેન્ટર બની ગયા છે.**

# નાણામંત્રી કનુભાઈ દેસાઈને જન્મદિવસે ગાંધીનગરમાં શુભેચ્છાઓ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના વિકાસના એન્જિનને નાણાકીય બળ પૂરું પાડનારા અને પારડીના લોકલાડીલા નેતા શ્રી કનુભાઈ દેસાઈના જન્મદિવસ નિમિત્તે આજે ગાંધીનગર ખાતે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. સ્વર્ણિમ સંકુલ-૧ ખાતે નાણામંત્રીશ્રીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવા માટે ધારાસભ્યો, અધિકારીઓ અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


આ શુભેચ્છા મુલાકાત દરમિયાન મંત્રીશ્રીના કુશળ નેતૃત્વની ભૂરી-ભૂરી પ્રશંસા કરવામાં આવી હતી. રાજ્યમાં આર્થિક શિસ્ત જાળવવાની સાથે સાથે છેવાડાના માનવી સુધી વિકાસના ફળ પહોંચાડવાની તેમની ધગશ ખરેખર પ્રશંસનીય છે. શહેરી વિકાસ મંત્રી તરીકે તેમણે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉ વિકાસની દિશામાં લીધેલા નિર્ણયોની વ્યાપક અસર જોવા મળી રહી છે. ગુજરાતના નગરોને વધુ પ્રગતિશીલ અને સ્વચ્છ બનાવવાનું તેમનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. શુભેચ્છકોએ જણાવ્યું હતું કે, કનુભાઈ દેસાઈની સરળતા અને કાર્યદક્ષતા અન્ય રાજકીય નેતાઓ માટે પ્રેરણારૂપ છે. તેમની દૂરંદેશી દૃષ્ટિને કારણે જ આજે ગુજરાત નાણાકીય રીતે સક્ષમ રાજ્ય બન્યું છે. મંત્રીશ્રીએ સૌનો સ્નેહ સ્વીકારીને આભાર વ્યક્ત કર્યો હતો. આખો દિવસ ગાંધીનગરમાં અભિનંદનનો અવિરત પ્રવાહ વહેતો રહ્યો હતો, જે તેમની લોકપ્રિયતા અને જનતા પ્રત્યેના લગાવનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે.



# રાજકોટ: ગેરકાયદે બેનર લગાવતી 10 મોટી પાર્ટીઓને મનપાની નોટિસ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મનપાના દબાણ હટાવ વિભાગે આખરે ઊંઘમાંથી જાગીને શહેરના મિલકત ચોરો અને ગેરકાયદે જાહેરાતકર્તાઓ પર સકંજો કસ્યો છે. શહેરના મુખ્ય માર્ગો, સર્કલો અને વીજ પોલ પર પોતાની જાહેરાતના થોથા લગાવી શહેરને કદરૂપું બનાવતી 10 જેટલી મોટી પાર્ટીઓને નોટિસ ફટકારવામાં આવી છે. અત્યાર સુધી મનપા માત્ર બેનરો જપ્ત કરીને કામગીરી પૂર્ણ માનતી હતી, પણ આ વખતે સીધી નોટિસ આપીને આર્થિક દંડની તૈયારી કરી છે.

જે 10 પાર્ટીઓને નોટિસ મળી છે તેમાં હેતલ હેપી હોમ, આત્મન પ્રી સ્કૂલ, હરિકૃષ્ણ સીટી, હોટલ વીબી ઈન, જે.જે.ટુટોરીયલ્સ, સેન્ચુરી રીગાલીયા, જય ગણેશ ટોયોટા, અર્બન વિવાહ, જે.ડી.મોલ અને જતન ઈન્ડસ્ટ્રીઝના નામ જાહેર થયા છે. આ સંસ્થાઓએ શહેરના પબ્લિક ડિવાઈડરો અને રાજમાર્ગોને પોતાની જાગીર માનીને આડેધડ બોર્ડ લગાવ્યા હતા. મનપાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે હવે પછી જો કોઈ પણ જાહેરાત સાહિત્ય ગેરકાયદે રીતે લગાવવામાં આવશે, તો માત્ર જપ્તી નહીં પણ ભારે દંડ વસૂલવામાં આવશે. શહેરની મિલકતોને નુકસાન પહોંચાડતી આ સંસ્થાઓની બેદરકારી સામે તંત્રએ મોડે મોડે પણ લાલઆંખ કરી છે તે પ્રશંસનીય છે, પરંતુ આ કાર્યવાહી સાતત્યપૂર્ણ રહેશે કે કેમ તે મોટો સવાલ છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




**રાજકોટમાં જાહેરાતના નામે મનપાની મિલકતોને બગાડનારા તત્વો સામે પહેલીવાર લાલઆંખ કરાઈ છે. જાહેર માર્ગો અને ડિવાઈડરો પર આડેધડ બેનરો લગાવતી શાળાઓ અને શોરૂમ્સ સહિત 10 મોટી પાર્ટીઓને મનપાએ ફટકારી નોટિસ, હવે દંડનીય કાર્યવાહીની તૈયારી.**

# ધોળકાના BSF જવાન મુકેશકુમાર નિવૃત્ત થઈ વતન પરત ફર્યા

**દૈનિક પલ્સ સમાચાર**: "મા ભોમ" ની રક્ષા કાજે જીવનના અમૂલ્ય વર્ષો ન્યોછાવર કરનાર વીર જવાનનું વતનમાં રજવાડી સ્વાગત કરવામાં આવ્યું. ધોળકાના કલિકુંડ વિસ્તારમાં રહેતા BSF જવાન મુકેશકુમાર કાનજીભાઈ કોરી પટેલ સિક્કિમમાં ચાઈના બોર્ડર પર 15 વર્ષની કપરી ફરજ પૂર્ણ કરી નિવૃત્ત થઈ સ્વગૃહે પરત ફર્યા છે.

શુભ વિલા-2 સોસાયટી ખાતે આયોજિત સન્માન સમારોહમાં દેશભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. રાજકીય અને સામાજિક આગેવાનોએ જવાનને ફૂલહાર પહેરાવી તેમનું સન્માન કર્યું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે, મુકેશકુમારે બરફાચ્છાદિત પહાડો પર રક્ષણ કરી ગુજરાત અને ધોળકાનું નામ રોશન કર્યું છે. આ સ્વાગત સમારોહ માત્ર એક વ્યક્તિનું સન્માન નથી, પરંતુ સમગ્ર ભારતીય સેનાના શૌર્યનું સન્માન છે. જવાનના આગમનથી સોસાયટીમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. પરિવારજનોની આંખમાં હર્ષના આંસુ અને ગ્રામજનોના મુખ પર ગૌરવ જોવા મળ્યું હતું.

**રિપોર્ટ : ભાવેશ રાઠોડ**






# અમરેલી: ભોજલરામ બાપાની પ્રાણપ્રતિષ્ઠામાં 10 ફૂટના રોટલાનો બનશે વિશ્વવિક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલીના ફતેપુર ખાતે ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પૂજ્ય ભોજલરામ બાપાના મંદિરનો મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ આગામી 4 થી 7 ફેબ્રુઆરી દરમિયાન અત્યંત ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ ધર્મોત્સવના આયોજનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રસંત પૂજ્ય મોરારી બાપુની ગરિમામય ઉપસ્થિતિ રહેશે. મંદિરના નિર્માણ માટે મુખ્ય સહયોગ સ્વ. વાલજીભાઈ દેવશીભાઈ પરસાણા પરિવારે આપ્યો છે. પૂજ્ય ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી યજ્ઞસેના ટીમ ધાર્મિક વિધિઓ સંપન્ન કરાવશે. ત્રિદિવસીય કાર્યક્રમની રૂપરેખા મુજબ, 4 ફેબ્રુઆરીએ રક્તદાન કેમ્પ, નગરયાત્રા અને લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજાશે. 5 ફેબ્રુઆરીના રોજ મહાયજ્ઞ અને ભજન સંતવાણીનું આયોજન છે. મહોત્સવના અંતિમ દિવસે, 6 ફેબ્રુઆરીએ બપોરે વિજય મુહૂર્તે મૂર્તિ અને ધ્વજદંડની સ્થાપના થશે, ત્યારબાદ અન્નકૂટ દર્શન અને ભોજલ કથા યોજાશે. આ મહોત્સવનું સૌથી મોટું આકર્ષણ જામનગરના જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા તૈયાર કરવામાં આવનાર 10 ફૂટનો વિશાળ રોટલો છે, જે પૂજ્ય ભોજલરામ બાપાને અર્પણ કરી નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવશે. સમગ્ર મહોત્સવમાં ભોજન-પ્રસાદની સેવાનો મનોરથ વીરપુર જલારામ બાપાની જગ્યા દ્વારા લેવામાં આવ્યો છે. ભવ્ય આતશબાજી અને મહારાસ ગરબા સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થશે. આ મહોત્સવમાં પધારવા આયોજક સમિતિએ તમામ ધર્મપ્રેમી જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**અમરેલીના ફતેપુરમાં પૂ. ભોજલરામ બાપાના ભવ્ય મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ 4 થી 7 ફેબ્રુઆરી દરમિયાન યોજાશે. મુખ્યમંત્રી અને પૂ. મોરારી બાપુની ઉપસ્થિતિમાં યોજાનારા આ ધર્મોત્સવમાં 10 ફૂટનો રોટલો બનાવી વિશ્વવિક્રમ સ્થાપવામાં આવશે.**

# રાજકોટ: રેસકોર્સ રોડ પર યસ બેંકમાં આગ, મોટું નુકસાન

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના હાર્દ સમાન રેસકોર્સ રીંગ રોડ પર ફરી એકવાર આગનો તાંડવ જોવા મળ્યો છે. જિલ્લા પંચાયત ચોક પાસે આવેલી યસ બેંકની બ્રાન્ચમાં મોડી રાત્રે લાગેલી આગે સમગ્ર પંથકને ધ્રુજાવી દીધો હતો. રાત્રે ૧૧:૩૫ વાગ્યે લાગેલી આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કારણે બેંકમાં રાખેલી ફાઈલો, મહત્વના ડોક્યુમેન્ટ્સ અને ફર્નિચર બળીને લોખંડ થઈ ગયા છે.

ફાયર વિભાગની ટીમે સ્થળ પર પહોંચી આગ બુઝાવી હતી, પરંતુ ત્યાં સુધીમાં લાખોનું નુકસાન થઈ ચૂક્યું હતું. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પણ બેંકિંગ જેવી સંવેદનશીલ જગ્યાએ આગ લાગવી એ ગંભીર બેદરકારીનો નમૂનો છે. શોર્ટ સર્કિટને મુખ્ય કારણ બતાવીને બેંક મેનેજમેન્ટ હાથ અધ્ધર કરી રહ્યું છે, પરંતુ સત્ય એ છે કે ફાયર સેફ્ટીના કડક કાયદાઓ છતાં અનેક વ્યવસાયિક ઈમારતોમાં સિસ્ટમ માત્ર શોભાના ગાંઠિયા સમાન છે. આગના કારણે રસ્તા પર ટ્રાફિક જામ થયો હતો અને પોલીસના પીઆઈ તથા એસીપી કક્ષાના અધિકારીઓએ પણ સ્થળની મુલાકાત લેવી પડી હતી. આ ઘટના એવા સમયે બની છે જ્યારે શહેરભરમાં ફાયર એનઓસી માટે કડક કાર્યવાહીના દાવા કરાય છે. યસ બેંક જેવી પ્રતિષ્ઠિત સંસ્થામાં લાગેલી આ આગ સાબિત કરે છે કે રાજકોટમાં સુરક્ષાના નામે માત્ર દેખાડો જ થઈ રહ્યો છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**




# રાજકોટ: કમિશનરની લાલઆંખ, રોડ કામમાં એજન્સી ડિબાર થશે?

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મનપામાં 'રોડ ખાઓ' એજન્સીઓ અને અધિકારીઓની જુગલબંધી ફરી એકવાર બેનકાબ થઈ છે. શહેરમાં દર વર્ષે કરોડોના ખર્ચે બનતા ડામર રોડ પહેલા જ વરસાદમાં કેમ ધોવાય છે, તેનો જવાબ આજે વોર્ડ નં.11માં કમિશનરની તપાસ દરમિયાન મળી ગયો છે. રાજ્ય સરકારની કડક સૂચના અને મુખ્યમંત્રીની ફટકાર બાદ કમિશનર તુષાર સુમેરા જ્યારે જાતે ફિલ્ડમાં ઉતર્યા, ત્યારે ભીમનગર ચોક પાસે ડામર રોડની કામગીરીમાં મસમોટી ગેરરીતિઓ ઝડપાઈ હતી.

રોડની કામગીરીમાં ડામરની જાડાઈ અને ટેકનિકલ માપદંડોને નેવે મૂકીને એજન્સી કામ કરતી હોવાનું કમિશનરની નજરે ચઢ્યું હતું. આ ગંભીર બેદરકારી બદલ પ્રદીપ કન્સ્ટ્રક્શનને શો-કોઝ નોટિસ ફટકારી તેને ભવિષ્યના કામોમાંથી ડિબાર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ તપાસમાં સૌથી આઘાતજનક બાબત એ છે કે એન્જિનિયરોની હાજરી હોવા છતાં આવું નબળું કામ થઈ રહ્યું હતું. પરિણામે, ડે.એન્જિનિયર આઈ.યુ.વસાવા અને 11 માસના કરાર આધારિત ફિલ્ડ એન્જિનિયર દીપક ભોજાણીને પણ શો-કોઝ નોટિસ પાઠવી તેમની જવાબદારી નક્કી કરવામાં આવી છે.

વર્ષોથી રાજકોટની જનતા ખાડાવાળા રોડ અને હલકી ગુણવત્તાના ડામર કામથી પરેશાન છે, છતાં તંત્ર હંમેશા કોન્ટ્રાક્ટરોને છાવરતું રહ્યું છે. હવે જ્યારે કમિશનરે જાતે ફિલ્ડમાં ઉતરીને નોટિસોનો ગગડાટ કર્યો છે, ત્યારે એન્જિનિયરિંગ વિભાગમાં ભારે ફફડાટ ફેલાયો છે. કમિશનરે ટકોર કરી છે કે શહેરમાં ચાલતી તમામ વિકાસ કામગીરીમાં ગુણવત્તા અને પારદર્શકતા અનિવાર્ય છે. પણ શું આ એક દિવસની તપાસથી વર્ષો જૂની ભ્રષ્ટ સિસ્ટમ બદલાશે? જનતાની માંગ છે કે માત્ર નોટિસ આપીને સંતોષ માનવાને બદલે આવા કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓ સામે ફોજદારી પગલાં લેવાવા જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ જનતાના પૈસા સાથે ચેડાં કરવાની હિંમત ન કરે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



“સમાચાર તથા જાહેરાત આપવા માટે સંપર્ક કરો: ૯૯૦૯૯૧૧૧૭૫”

# ઈડર: મહિલા કોન્સ્ટેબલનો આપઘાતનો પ્રયાસ, ખાનગી હોસ્પિટલમાં સારવાર

## ઈડર: મહિલા કોન્સ્ટેબલે ઝેરી દવા પીતા ચકચાર, જીવ બચ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર પોલીસ સ્ટેશનમાંથી એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. અહીં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ચકચાર મચી છે. જયશ્રીબેન સંજયભાઈ નિનામાએ કોઈ ગંભીર કારણ કે માનસિક તણાવને વશ થઈને ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની ગંભીરતા જોતા તેમને તાત્કાલિક હિંમતનગર શહેરની જાણીતી ખાનગી હોસ્પિટલમાં ઈમરજન્સી સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની મહેનત અને સમયસરની તબીબી સારવારને કારણે મહિલા કોન્સ્ટેબલને મોતના મુખમાંથી ઉગારી લેવામાં આવ્યા છે. હાલમાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું હોસ્પિટલના સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ ઘટનાએ ફરી એકવાર સમાજમાં વધતા જતા માનસિક તણાવ અને સહનશક્તિના અભાવ પર સવાલો ઉભા કર્યા છે. લોકો પરિણામનો વિચાર કર્યા વગર આક્રોશમાં આવીને ફાંસો ખાઈને કે ઝેરી દવા પીને પોતાનું અમૂલ્ય જીવન ટૂંકાવવા પ્રેરાય છે, જે અત્યંત દુઃખદ છે. પોલીસ બેડામાં બનેલી આ ઘટનાને પગલે ઉચ્ચ અધિકારીઓનું ધ્યાન પણ આ તરફ ખેંચાયું છે. જયશ્રીબેને કયા સંજોગોમાં અને કયા દબાણ હેઠળ આ પગલું ભર્યું તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. જીવનમાં કોઈ પણ સમસ્યા હોય, તેનો ઉકેલ આત્મહત્યા નથી તેવી જાગૃતિ લાવવી અનિવાર્ય બની ગઈ છે. **રિપોર્ટ : જનક જાદવ**



**ભરૂચના ગોલ્ડનબ્રિજ પર સેલ્ફીનો ક્રેઝ જીવલેણ સાબિત થયો છે. નર્મદા કિનારે ફોટા પાડતી વખતે પગ લપસતા બહેનને બચાવવા જતા ભાઈ નયન વસાવા નદીમાં લાપતા થયો છે. પ્રતિબંધિત વિસ્તારોમાં તંત્રની નબળી સુરક્ષા વ્યવસ્થા ફરી એકવાર ઉઘાડી પડી છે.**

# ગાભોઈ અને તલોદ: પોક્સો-પ્રોહિબિશનના બે આરોપી પકડાયા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના ભાગરૂપે પોલીસ દ્વારા અલગ-અલગ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. ગાભોઈ પોલીસ સ્ટેશનમાં ચાર દિવસ અગાઉ નોંધાયેલા પોક્સો એક્ટ હેઠળના દુષ્કર્મના ગુનામાં પોલીસે ગણતરીના દિવસોમાં જ આરોપીને દબોચી લીધો છે. દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના જગોલા ગામના વતની જયંતીભાઈ મશરૂભાઈ કટારાને ટેકનિકલ એનાલિસિસ દ્વારા શોધી કાઢી સબ જેલ ભેગો કરવામાં આવ્યો છે. અન્ય એક કિસ્સામાં, તલોદ પોલીસની ડી સ્ટાફ ટીમે હરસોલ ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા 55 વર્ષીય બેચરભાઈ વેલાજી ડામોરને ઝડપી પાડ્યો છે. રાજસ્થાનના ડુંગરપુરનો રહેવાસી આ આરોપી છેલ્લા બે વર્ષથી અમદાવાદ ડીસીબી પોલીસ સ્ટેશન અને એક વર્ષથી ચિઠોડા પોલીસના બે અલગ-અલગ ગુનાઓમાં વોન્ટેડ હતો. તલોદ પોલીસે આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.
**રિપોર્ટ : જનક જાદવ**



**સાબરકાંઠામાં ગાભોઈ પોલીસે પોક્સોના આરોપીને અને તલોદ પોલીસે 2 વર્ષથી ફરાર પ્રોહિબિશનના આરોપીને ઝડપી પાડ્યા છે.**

# OBC અનામત વર્ગીકરણ મુદ્દે ધારાસભ્ય માનસિંહ ચૌહાણનો આક્રમક પત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં OBC અનામતના હક માટે હવે 'આરપાર'ની લડાઈના એંધાણ મળી રહ્યા છે. બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહભાઈ ચૌહાણે વંચિતોના અવાજને વાચા આપતા મુખ્યમંત્રીને પત્ર લખીને OBC અનામત વર્ગીકરણની તાત્કાલિક અમલવારી કરવા દબાણ કર્યું છે. આ રજૂઆતે ગુજરાતના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે, કારણ કે અત્યાર સુધી આ મુદ્દે ઘણા નેતાઓ મૌન સેવીને બેઠા હતા. ધારાસભ્યની દલીલ છે કે દેશના 11 રાજ્યોમાં વર્ગીકરણની નીતિ અમલમાં છે, જેનાથી અનામતનો લાભ ખરેખર જે પછાત છે તેવા ઠાકોર અને અન્ય વંચિત સમાજો સુધી પહોંચી રહ્યો છે. જો અન્ય રાજ્યોમાં આ શક્ય હોય, તો ગુજરાતમાં શા માટે હજુ સુધી લુલી લંગડી દલીલો કરીને વિલંબ કરવામાં આવી રહ્યો છે? આ કોઈના હક છીનવવાની વાત નથી, પણ જે સમાજ વર્ષોથી વિકાસની મુખ્યધારાથી વંચિત છે તેને તેનો હક અપાવવાની નૈતિક લડાઈ છે. સમાચાર માધ્યમો સાથેની વાતચીતમાં તેમણે ટકોર કરી છે કે જો આવતા ચાર મહિનામાં આ અનામત વર્ગીકરણ અમલમાં લાવવું હોય, તો ગુજરાતના તમામ સામાજિક અને રાજકીય આગેવાનોએ જાગવું પડશે. પ્રજાએ પણ હવે જાગૃત બનીને પોતાના વિસ્તારના ધારાસભ્યોને સવાલ પૂછવા પડશે કે તેઓ આ મુદ્દે કેમ ચૂપ છે? આ સંવૈધાનિક હકની લડાઈમાં ધારાસભ્ય ચૌહાણનું આ કદમ પ્રશંસનીય હોવા છતાં, સરકારની ઉદાસીનતા સામે અનેક પ્રશ્નો ઉભા કરે છે. શું સરકાર માત્ર ચૂંટણી ટાણે જ ઓબીસી કાર્ડ રમશે કે પછી ખરેખર વંચિતોને ન્યાય આપશે? જો આગામી દિવસોમાં અન્ય ધારાસભ્યો આ માંગણીમાં નહીં જોડાય તો સાબિત થશે કે તેમને પોતાના સમાજ કે વંચિતોના હક કરતાં પોતાની ખુરશી વધુ વહાલી છે. હવે સમય આવી ગયો છે કે ગુજરાતનો વંચિત સમાજ એકઠો થાય અને સરકાર પાસે પોતાના અધિકારનો હિસાબ માંગે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક**

**ગુજરાતમાં OBC અનામત વર્ગીકરણ મુદ્દે સરકારની ઉદાસીનતા સામે બાલાસિનોરના ધારાસભ્ય માનસિંહભાઈ ચૌહાણે બ્યુગલ ફૂંક્યું છે. તેમણે મુખ્યમંત્રીને પત્ર લખી વંચિત સમાજના હક માટે રજૂઆત કરી છે. દેશના 11 રાજ્યોમાં વર્ગીકરણ અમલમાં હોવા છતાં ગુજરાતમાં વિલંબ કેમ? તેવો વેધક સવાલ ઉઠ્યો છે.**

# હિંમતનગર: ટ્રાફિક અવેરનેશ માસનું સફળતાપૂર્વક સમાપન

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગરની મેડિકલ કોલેજ ખાતે સાબરકાંઠા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ'ના સમાપન પ્રસંગે ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. છેલ્લા એક મહિનાથી જિલ્લાભરમાં ટ્રાફિક જાગૃતિ લાવવા માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ અને જનસંપર્ક કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા, જેનું આજે મેડિકલ કોલેજ ખાતે સમાપન થયું હતું. આ સમારોહમાં જિલ્લા પોલીસ અધિક્ષક વિજયરાજસિંહ ગોહિલ, ડીવાયએસપી કુલદીપ નાઈ, ટ્રાફિક પીએસઆઈ એ.વી. જોષી અને દિલીપસિંહ રાઓલ સહિતના અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે માર્ગ સલામતી માત્ર એક મહિનાનો વિષય નથી, પરંતુ તે જીવનભરની શિસ્ત છે. એક મહિના દરમિયાન ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને હેલ્મેટ, સીટબેલ્ટ અને ટ્રાફિક સિગ્નલના મહત્વ વિશે સમજ આપવામાં આવી હતી. આ અભિયાનને સફળ બનાવવામાં ટ્રાફિક પોલીસ કર્મચારીઓ અને નાગરિકોનો સહયોગ સાંપડ્યો હતો. અંતમાં, માર્ગ સુરક્ષાના શપથ સાથે કાર્યક્રમનું શાંતિપૂર્ણ રીતે સમાપન કરવામાં આવ્યું હતું.
**રિપોર્ટ : જનક જાદવ**



# મિશન વાત્સલ્ય અંતર્ગત બાળ સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** બાળકોના ઉત્થાન અને સુરક્ષા માટે સરકાર દ્વારા ચાલતી 'મિશન વાત્સલ્ય યોજના'ના અસરકારક અમલીકરણ માટે નડિયાદ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જિલ્લા બાળ કલ્યાણ અને સુરક્ષા સમિતિની આ બેઠકમાં ખેડા જિલ્લામાં બાળકોના હિતમાં લેવાયેલા પગલાંઓની આંકડાકીય માહિતી રજૂ કરવામાં આવી હતી.
બેઠક દરમિયાન પાલક માતા-પિતા યોજના હેઠળ લાભાર્થી બાળકોની સ્થિતિ અને મુખ્યમંત્રી બાળ સેવા યોજનાના અમલીકરણ અંગે અધિકારીઓ સાથે વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, સમાજમાં હજુ પણ જોવા મળતા બાળ લગ્ન જેવી બદીઓને નાબૂદ કરવા માટે હાથ ધરાયેલી ઝુંબેશની સમીક્ષા કરાઈ હતી. સમિતિએ ભાર મૂક્યો હતો કે કોઈ પણ બાળક શિક્ષણ અને સુરક્ષાથી વંચિત ન રહેવું જોઈએ. વહીવટી તંત્રએ આ પ્રસંગે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સુરક્ષિત બાળપણ માટે પોતાની કટિબદ્ધતા દોહરાવી હતી. વિવિધ વિભાગો વચ્ચેના સંકલન દ્વારા બાળ સુરક્ષા એકમને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક**



**નડિયાદ કલેક્ટર કચેરી ખાતે 'મિશન વાત્સલ્ય યોજના' હેઠળ બાળ સુરક્ષા સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં પાલક માતા-પિતા યોજના અને બાળ લગ્ન અટકાવવા જેવી કામગીરીની સમીક્ષા કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વહીવટી તંત્રએ કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.**

# CM ભૂપેન્દ્ર પટેલના આકરા તેવર: અધિકારીઓને આપી ગંભીર ચેતવણી

**દૈનિક પલ્સ સમાચાર:** ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને આયોજિત મહાનગરપાલિકાઓની બેઠક વહીવટી તંત્ર માટે 'વોર્નિંગ બેલ' સમાન સાબિત થઈ છે. બેઠકમાં રાજ્યની તમામ મનપાના મેયર, ચેરમેન અને કમિશનરો હાજર રહ્યા હતા. આ બેઠક દરમિયાન જ્યારે નગરસેવકોએ અધિકારીઓની ઉદ્ધત કાર્યશૈલી અને મનમાનીની ફરિયાદો કરી ત્યારે મુખ્યમંત્રીના તેવર બદલાયેલા જોવા મળ્યા હતા. સામાન્ય રીતે શાંત દેખાતા 'દાદા' અધિકારીઓ પર લાલઘૂમ થયા હતા.
નગરસેવકોની રજૂઆત હતી કે લોકપ્રશ્નોના ઉકેલ માટે જ્યારે તેઓ અધિકારીઓને ફોન કરે છે, ત્યારે અધિકારીઓ ફોન ઉપાડતા નથી અથવા ઉડાઉ જવાબ આપે છે. રજૂઆતોના ફાઈલોના થોથા જમા હોવા છતાં કામોનો નિરાકરણ આવતા નથી. આ સાંભળીને મુખ્યમંત્રીએ મ્યુનિસિપલ કમિશનરોની હાજરીમાં જ કડક શબ્દોમાં ફટકાર લગાવી હતી. તેમણે ટકોર કરી હતી કે, જો જનતાના કામમાં કોઈ અધિકારી મનમાની કરવા માંગતા હોય અથવા જનપ્રતિનિધિઓના ફોન ન ઉપાડીને લોકોને હેરાન કરવા માંગતા હોય, તો તેવા અધિકારીઓએ સાંજે જ રાજીનામું આપી ઘરે બેસી જવું જોઈએ.
મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, સરકાર લોકોની સુવિધા માટે છે અને અધિકારીઓ પ્રજાના સેવકો છે. નાના કર્મચારીઓથી લઈને મ્યુનિસિપલ કમિશનર સુધીના તમામે જવાબદેહી સાથે કામ કરવું પડશે. "કોઈ પણ પ્રકારની લાપરવાહી ચલાવી લેવામાં આવશે નહીં," તેવા મક્કમ નિર્ધાર સાથે તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી કે જનપ્રતિનિધિઓ જ્યારે લોકોના પ્રશ્નો લાવે ત્યારે તેનું ત્વરિત નિરાકરણ આવવું જ જોઈએ. આ આકરી ફટકાર બાદ સચિવાલયથી લઈને સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનના કચેરીઓ સુધી હડકંપ મચી ગયો છે. મુખ્યમંત્રીએ જે રીતે મ્યુનિસિપલ કમિશનરોને પણ આડે હાથ લીધા છે, તે દર્શાવે છે કે આવનારા દિવસોમાં સરકાર વહીવટી શિસ્ત બાબતે ખૂબ જ ગંભીર છે. આ બેઠક બાદ હવે અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ વચ્ચે કેવું સંકલન સધાય છે તે જોવું રહ્યું. **રિપોર્ટ : દિપક પરમાર**

**ગાંધીનગરમાં આયોજિત બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને આડે હાથ લીધા હતા. નગરસેવકોના ફોન ન ઉપાડતા અધિકારીઓને મુખ્યમંત્રીએ કડક ચેતવણી આપતા જણાવ્યું કે જો જનતાના કામમાં લાપરવાહી દાખવવી હોય તો અધિકારીઓ સાંજે જ રાજીનામું આપી દે.**

# ઠાસરા: CHO અને આશાબેનોને કેન્સર નિદાનની સઘન તાલીમ

**દૈનિક પલ્સ સમાચાર:** ઠાસરા તાલુકાના આરોગ્ય વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ આરોગ્ય સુખાકારીના હેતુથી કેન્સર નિવારણ તાલીમ શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં AIIMS ના નિષ્ણાત તબીબો અને ગાયનેકોલોજિસ્ટની ટીમે હાજરી આપી હતી. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય છેવાડાના ગામો સુધી કેન્સરના વહેલા નિદાનની સુવિધા પહોંચાડવાનો છે.
તાલીમ દરમિયાન CHO અને આશાબેનોને સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર અને મુખના કેન્સરના સ્ક્રીનિંગ માટે સઘન પ્રેક્ટિકલ અને થીયરીકલ માહિતી આપવામાં આવી હતી. જો કેન્સરનું નિદાન શરૂઆતના તબક્કામાં થાય તો તેની સારવાર વધુ અસરકારક બની શકે છે, તે બાબત પર ભાર મુકાયો હતો. આ તાલીમ મેળવીને આશાબેનો હવે ગામે-ગામ મહિલાઓનું પ્રાથમિક નિદાન કરી શકશે. આ પહેલ દ્વારા ઠાસરા તાલુકાની મહિલાઓના આરોગ્ય સુરક્ષામાં મોટો વધારો થશે અને કેન્સર જેવી જીવલેણ બીમારીના કેસો ઘટાડવામાં મદદ મળશે.
**રિપોર્ટ : હસમુખભાઈ નાયક**



# બાયડના રવિન્દ્રકુમાર ગોસ્વામીની નર્મદામાં DySP તરીકે નિમણૂક: સમાજનું ગૌરવ વધાર્યું

**દૈનિક પલ્સ સમાચાર:** 'મન હોય તો માળવે જવાય' આ કહેવતને અક્ષરશઃ સાર્થક કરી બતાવી છે બાયડના રવિન્દ્રકુમાર ગોસ્વામીએ. કપડવંજ તાલુકાના શિહોરા ગામના વતની અને હાલ બાયડ (ઓમ રેસિડન્સી) ખાતે રહેતા રવિન્દ્રકુમાર અલ્પેશગીરી ગોસ્વામીની નર્મદા જિલ્લામાં ડી.વાય.એસ.પી. (DySP) તરીકે નિમણૂક થતા સમગ્ર પંથકનું મસ્તક ગર્વથી ઊંચું થયું છે. રવિન્દ્રકુમારની શૈક્ષણિક અને કારકિર્દીની સફર અત્યંત પ્રેરણાદાયી રહી છે. આજના સમયમાં જ્યારે યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે મોંઘા કોચિંગ ક્લાસ પાછળ લાખો રૂપિયા ખર્ચતા હોય છે, ત્યારે રવિન્દ્રકુમારે કોઈ પણ પ્રકારના કોચિંગ વગર કેવળ સેલ્ફ સ્ટડી અને આત્મવિશ્વાસના જોરે પ્રથમ પ્રયત્ને જ GPSC પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી હતી. પોલીસ સેવામાં જોડાતા પહેલા તેઓ બે વર્ષ સુધી સુરત ખાતે જી.એસ.ટી (GST) વિભાગમાં પોતાની કાર્યદક્ષતા બતાવી ચૂક્યા છે. તેમની કામ કરવાની શૈલી અને નિષ્ઠા હંમેશા પ્રશંસનીય રહી છે. રવિન્દ્રકુમારે પોતાની સફળતાનો શ્રેય પોતાના પરિવાર અને પિતૃઓના આશીર્વાદને આપ્યો છે. મધ્યમ પરિવારમાંથી ઉચ્ચ સરકારી હોદ્દા સુધી પહોંચવાની તેમની આ મજલ અનેક સંઘર્ષો અને મહેનતથી ભરેલી છે. ગોસ્વામી સમાજ દ્વારા રવિન્દ્રકુમારનું આ બહુમાન સામાજિક ગૌરવની ઘટના ગણાઈ રહી છે. બાયડ તાલુકાના અગ્રણીઓએ પણ આ નિમણૂકને હર્ષભેર વધાવી લીધી છે અને જણાવ્યું છે કે, આવા પ્રામાણિક અને મહેનતુ અધિકારીની નિમણૂકથી રાજ્યના વહીવટને અને પોલીસ તંત્રને નવું બળ મળશે. નર્મદા જિલ્લા જેવા મહત્વના સ્થળે તેમની સેવાઓ સુરક્ષા અને શાંતિ જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવશે. દૈનિક પલ્સ સમાચાર રવિન્દ્રકુમારને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે અનેક શુભેચ્છાઓ પાઠવે છે.
**રિપોર્ટ : દિપક પરમાર**



**કપડવંજના શિહોરાના વતની રવિન્દ્રકુમાર ગોસ્વામીની નર્મદા જિલ્લામાં DySP તરીકે નિમણૂક થતા સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છે. કોઈપણ કોચિંગ વગર પ્રથમ પ્રયત્ને GPSC પાસ કરનાર રવિન્દ્રકુમારે ગોસ્વામી સમાજ અને બાયડનું ગૌરવ વધાર્યું છે.**

# વાલીયામાં સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયર ચોરતી તુણાની ત્રિપુટી ઝડપાઈ

## વાલીયા: કોપર વાયર ચોરીના કેસમાં ત્રણ આરોપીની ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકામાં તસ્કરોએ માજા મૂકી છે. તાજેતરમાં સોલાર પ્લાન્ટમાંથી કિંમતી કોપર વાયરની ચોરીની ઘટનાએ સુરક્ષા એજન્સીઓ અને પોલીસ તંત્ર સામે અનેક સવાલો ઉભા કર્યા છે. વાલીયા પોલીસે બાતમીના આધારે તુણા ગામના ત્રણ શખ્સોની ધરપકડ કરી છે, જેઓ ચોરીનો વાયર વેચવાની પેરવીમાં હતા. પરંતુ આ ઘટના માત્ર એક ચોરીનો કેસ નથી, તે જિલ્લામાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનું પ્રતિબિંબ છે.

પોલીસ ઇન્સપેક્ટર એમ.બી. તોમર અને તેમની ટીમે ભૂજિયાવડ પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન નંબર પ્લેટ વગરની કાળા રંગની એક્ટિવા પર સવાર આકાશ વસાવા, અમીત વસાવા અને નિમેશ વસાવાને અટકાવવામાં આવ્યા હતા. ડીકીમાંથી 7.900 કિલો કોપર વાયર મળી આવતા અને આરોપીઓ સંતોષકારક જવાબ ન આપી શકતા તેમની કડકાઈથી પૂછપરછ કરાઈ, જેમાં તેમણે અગાઉ કરેલી ચોરીની કબૂલાત કરી હતી. પોલીસે ₹1.20 લાખની એક્ટિવા અને વાયર મળી કુલ ₹1.25 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જોકે, વિચારવા જેવી બાબત એ છે કે સોલાર પ્લાન્ટ્સ જેવા મોટા પ્રોજેક્ટ્સમાં જ્યાં લાખોનું રોકાણ હોય છે, ત્યાં તસ્કરો આટલી સહેલાઈથી પ્રવેશ કરી વાયરો કાપી જાય છે. શું ત્યાં સિક્યુરિટી ગાર્ડ્સ અને સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાઠિયા છે? બીજી તરફ, નંબર પ્લેટ વગરના વાહનો પર સવાર થઈને તસ્કરો ખુલ્લેઆમ હાઈવે પર ફરે છે છતાં પોલીસ તેમને કેમ અગાઉ અટકાવી શકતી નથી? વાલીયા પોલીસની આ કામગીરી પ્રશંસનીય હોવા છતાં, ગુના નિવારણ (Prevention of Crime) ના મોરચે તંત્ર સાવ વામણું પૂરવાર થઈ રહ્યું છે. જો પોલીસ ખરેખર મિલકત વિરોધી ગુનાઓ અટકાવવા માંગતી હોય, તો માત્ર ચોરોને પકડવા પૂરતું નથી, પણ ચોરીનો માલ ખરીદનારા ભંગારના વેપારીઓ અને નબળી સુરક્ષા આપતા પ્લાન્ટ સંચાલકો સામે પણ કડક હાથે કામ લેવું પડશે.

**રિપોર્ટ : શૈલેષ સોલંકી**

**વાલીયામાં સોલાર પ્લાન્ટની સુરક્ષાના ધજાગરા ઉડ્યા છે. નંબર પ્લેટ વગરની એક્ટિવા પર ચોરીનો કોપર વાયર વેચવા નીકળેલા તુણા ગામના ત્રણ શખ્સોને પોલીસે દબોચ્યા છે. વારંવાર થતી મિલકત સંબંધી ચોરીઓએ ઉદ્યોગો અને પ્લાન્ટ માલિકોમાં ફફડાટ ફેલાવ્યો છે.**

# રાજકોટ: GJ-03-QA સીરીઝના ગોલ્ડન નંબરનું ઓક્શન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** માલપુર તાલુકાના પુંજરાની મુવાડી ગામે આજે ઠાકોર સમાજની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેનો મુખ્ય એજન્ડા સામાજિક ઉત્થાન અને બંધારણની પુનઃ સમીક્ષા હતો. આજના આધુનિક યુગમાં સમાજ કેવી રીતે પ્રગતિ કરી શકે અને પાયાના પ્રશ્નોનું નિરાકરણ કેવી રીતે લાવી શકાય તે બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં હાજર રહેલા વડીલો અને યુવા અગ્રણીઓએ સમાજના બંધારણમાં જરૂરી સુધારા કરવા માટેના અનેક પ્રસ્તાવો રજૂ કર્યા હતા. વિશેષ કરીને સામાજિક રીત-રિવાજોમાં સરળતા લાવવા અને સામાજિક બદીઓને દૂર કરવા પર ભાર મુકાયો હતો. ચર્ચામાં જણાવાયું હતું કે, જો સમાજનું બંધારણ મજબૂત હશે તો જ આવનારી પેઢીને સાચું માર્ગદર્શન મળી શકશે. ઉપસ્થિત અગ્રણીઓએ શિક્ષણ અને સંગઠિત શક્તિ પર ભાર મૂકતા જણાવ્યું કે, સમાજના દરેક વ્યક્તિએ એકબીજાના પૂરક બનીને રહેવું જોઈએ. આ મિટિંગમાં ગ્રામજનો દ્વારા પણ અનેક ઉપયોગી સૂચનો કરવામાં આવ્યા હતા, જેને આગામી સમયમાં અમલી બનાવવાની ખાતરી અપાઈ હતી. પુંજરાની મુવાડી ગામના આ પવિત્ર પ્રયાસને આસપાસના ગામોના લોકોએ પણ બિરદાવ્યો છે. બેઠકના અંતે સમાજના ગૌરવને જાળવી રાખવા અને સામાજિક એકતાના તાંતણે બંધાઈ રહેવા માટે સૌએ સહમતી દર્શાવી હતી.

**રિપોર્ટ : દિપક પરમાર**



# બોટાદ: મનજીભાઈ સોલંકીને રોહિશાળામાં મળ્યો દારૂનો મોટો જથ્થો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે બોટાદ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગઢડા વિધાનસભાના પૂર્વ ઉમેદવાર અને હાલના NCP ગુજરાત પ્રદેશ સચિવ મનજીભાઈ સોલંકી જ્યારે રોહિશાળા ગામ તરફ પોતાના કામ માટે જઈ રહ્યા હતા, ત્યારે તેમને રસ્તામાં બિનવારસી હાલતમાં વિદેશી દારૂનો મોટો જથ્થો જોવા મળ્યો હતો. તેમની સાથે વિઠ્ઠલભાઈ સાપરીયા પણ હાજર હતા. આ બંને મહાનુભાવોએ જોયું કે રોડની બાજુમાં ખુલ્લી જગ્યામાં પ્રતિબંધિત ઈંગ્લીશ દારૂની બોટલોનો મોટો જથ્થો પડ્યો છે.

આ ગંભીર બેદરકારીને ઉજાગર કરવા માટે મનજીભાઈએ તત્કાળ સ્થાનિક મીડિયાને જાણ કરી હતી. મીડિયા સમક્ષ બોલતા તેમણે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો કોઈ પણ ડર વગર આટલો મોટો જથ્થો એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચાડે છે. તેમણે સીધો પ્રશ્ન બોટાદ પોલીસને કર્યો હતો કે, "તમારા નાક નીચે આટલો બધો દારૂ આવે છે કઈ રીતે અને તેને કોણ પહોંચાડે છે?" મનજીભાઈ સોલંકીએ આ ઘટનાને પોલીસ તંત્રની નિષ્ફળતા ગણાવી હતી. તેમણે ઉમેર્યું કે જો કોઈ રાજકીય આગેવાનને રસ્તામાં ચાલતા આ જથ્થો દેખાઈ આવતો હોય, તો પોલીસની બાજ નજરથી આ કેવી રીતે બચી શકે? આ ઘટનાએ સમગ્ર જિલ્લામાં ચર્ચા જગાવી છે. શું આ જથ્થો કોઈ મોટા ઓર્ડર માટે લાવવામાં આવ્યો હતો કે પછી પોલીસની ભીંસ વધતા બુટલેગરો તેને રસ્તામાં ફેંકીને નાસી ગયા હતા? સામાજિક કાર્યકર તરીકે ઓળખાતા મનજીભાઈએ માંગ કરી છે કે આ કેસની તટસ્થ તપાસ કરવામાં આવે અને આટલા મોટા જથ્થાના મૂળ સુધી પહોંચીને ગુનેગારોને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે. રોહિશાળા ગામની સીમમાં મળેલો આ દારૂનો જથ્થો રાજ્યમાં દારૂબંધીના અમલીકરણની વાસ્તવિકતા છતી કરે છે.

**રિપોર્ટર મનસુખ વાળા**

**બોટાદના રોહિશાળા ગામે પસાર થતા NCP પ્રદેશ સચિવ મનજીભાઈ સોલંકીને રસ્તામાં વિદેશી દારૂનો મોટો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવ્યો હતો. તેમણે તાત્કાલિક મીડિયાને જાણ કરી ગુજરાતમાં કડક દારૂબંધી હોવા છતાં આટલો જથ્થો ક્યાંથી આવ્યો તે અંગે સવાલો ઉઠાવ્યા હતા.**

# ભરૂચ: શુક્લતીર્થમાં ખેતરમાંથી વિદેશી દારૂનો જથ્થો મળ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચનો શુક્લતીર્થ પંથક હાલમાં બુટલેગરો માટે સ્વર્ગ સમાન બની ગયો હોય તેમ લાગે છે. LCB પોલીસે નબીપુર વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ખેતરમાં છુપાવેલા ₹6.86 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે કાર્તિક પટેલને ઝડપી પાડતા ખળભળાટ મચી ગયો છે. રોયલ સ્ટેગ અને બડવાઇઝર જેવી હાઈ-પ્રોફાઈલ બ્રાન્ડ્સનો જથ્થો જે રીતે ખેતરમાંથી મળી આવ્યો છે, તે જોતા સ્પષ્ટ થાય છે કે અહીં મોટા પાયે દારૂનું નેટવર્ક કાર્યરત છે.

પોલીસ ભલે પોતાની પીઠ થાબડે, પણ પ્રજા પૂછી રહી છે કે સુરતના કોસંબાથી દારૂનો આટલો મોટો જથ્થો ભરૂચના છેવાડાના ગામ સુધી પહોંચાડવામાં પોલીસની કેટલી રહેમનજર છે? પકડાયેલ આરોપી તો માત્ર પ્યાદુ છે, અસલી ખેલાડી સુરતનો જીગ્નેશ ઉર્ફે જીગો પટેલ હજુ ફરાર છે. શુક્લતીર્થના નદીકાંઠા અને ફાર્મહાઉસમાં ચાલતી દારૂની મહેફિલોની ફરિયાદો વર્ષોથી છે, છતાં તંત્ર માત્ર કાગળ પરની કાર્યવાહીમાં વ્યસ્ત છે. જે ખેતરમાંથી દારૂ મળ્યો તે ખેતર માલિક કોણ છે અને તેની ધરપકડ કેમ નથી થઈ? શું પોલીસ મોટા માથાઓને બચાવવાનો પ્રયાસ કરી રહી છે? આ ઘટનાએ ભરૂચ જિલ્લામાં દારૂબંધીના નામે ચાલતા દેખાડાને ઉઘાડો પાડી દીધો છે. **રિપોર્ટ : શૈલેષ સોલંકી**







# દેલવાડામાં સોલંકી રાજપૂત સમાજનો સાત ગામ સમૂહલગ્ન મહોત્સવ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર**: બહુચરાજી તાલુકાના દેલવાડા ગામે સામાજિક એકતા અને નવીનતાનો સંગમ જોવા મળ્યો હતો. અહીં જય ભવાની યુવક મંડળ દ્વારા સોલંકી રાજપૂત સમાજનો સાત ગામ સમૂહલગ્ન મહોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો. ગંગાબા પરષોત્તમ ફાર્મ ખાતે આયોજિત આ સામૂહિક લગ્નમાં 12 યુગલોએ પ્રભુતામાં પગલાં માંડી આર્થિક કરકસર અને સામાજિક સમરસતાનો સંદેશ આપ્યો હતો.

આ મહોત્સવની શોભા વધારવા માટે રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રણીઓ જેવા કે ધર્મપાલસિંહ ઝાલા (કટોસણ રાજવી), ધારાસભ્ય સુખાજી ઠાકોર, પૂર્વ મંત્રી કીર્તિસિંહ વાઘેલા અને રજની પટેલ ખાસ હાજર રહ્યા હતા. ઉપરાંત રાજેન્દ્રસિંહ દરબાર, વિરેન્દ્રસિંહ ઝાલા, કમલેશ દેસાઈ અને પરેશ પટેલ સહિતના મહાનુભાવોએ પણ નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર આયોજનનું સફળ સંચાલન જય ભવાની યુવક મંડળ, સિકોતર યુવા બ્રિગેડ અને સાતેય ગામના કર્મઠ યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું. દેલવાડાના લોકપ્રિય યુવા સરપંચ ગોવિંદસિંહ સોલંકીની આગેવાનીમાં થયેલ આ આયોજનની મહેમાનોએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે સમૂહલગ્ન એ સમયની માંગ છે અને આવા આયોજનોથી સમાજમાં પરસ્પર સ્નેહ વધે છે. અંતમાં દીકરીઓને આશીર્વાદ સાથે વિદાય આપવામાં આવી હતી.

**રિપોર્ટ : ભુરાજી ઝાલા**




**બહુચરાજીના દેલવાડામાં જય ભવાની યુવક મંડળ દ્વારા સોલંકી રાજપૂત સમાજનો સાત ગામ સમૂહલગ્ન મહોત્સવ યોજાયો. ગંગાબા પરષોત્તમ ફાર્મમાં 12 નવયુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. આ પ્રસંગે અનેક સામાજિક-રાજકીય અગ્રણીઓએ હાજરી આપી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા.**

# તંત્રી લેખ: હાનિકારક હોર્ન-લાઈટના ઉત્પાદકો પર સરકારની રહેમનજર કેમ?

**"દીવા તળે અંધારું"** જેવી નીતિ સાથે સરકાર આજે મધ્યમવર્ગના રક્ષણને બદલે શોષણ કરી રહી છે. દારૂ અને સિગારેટથી સ્વાસ્થ્ય બગડે છે તેવી જાહેરાતો કરવા માટે પ્રજાના કરોડો રૂપિયા પાણીની જેમ વહાવવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતામાં આ ચીજોનું વેચાણ બંધ કરવાના બદલે સરકાર તેના પર ટેક્સ વસૂલી મોજ કરે છે. આવું જ કંઈક ટ્રાફિક અને પર્યાવરણીય પ્રદૂષણ મામલે થઈ રહ્યું છે. રસ્તા પર કાન ફાડી નાખતા પ્રેશર હોર્ન અને સામેથી આવતા ચાલકની આંખો અંજાવી અકસ્માત સર્જતી વ્હાઇટ LED લાઈટો આજે સામાજિક દુષણ બની ગઈ છે.

આશ્ચર્યની વાત એ છે કે આ વસ્તુઓ બજારમાં ખુલ્લેઆમ મળે છે અને પોલીસ માત્ર વાપરનારાઓને પકડીને સંતોષ માને છે. સવાલ એ ઊભો થાય છે કે આ વસ્તુઓ બનાવનારા યુનિટો પર તાળા કેમ નથી લાગતા? શું આ કંપનીઓ ચૂંટણી સમયે સત્તાધારી પક્ષોની તિજોરી ભરે છે? વહીવટી માળખું કેમ આંધળું બનીને બેઠું છે? સરકાર માત્ર પ્રજાને સમજાવવાના નાટકો કરે છે, પણ ઉત્પાદકો સામે લાલ આંખ કરવાની હિંમત બતાવતી નથી. ઉદ્યોગપતિઓના હિત સાચવવાની લ્હાયમાં સામાન્ય નાગરિકના સ્વાસ્થ્ય અને શાંતિનો ભોગ લેવાઈ રહ્યો છે.

આજે સમાજમાં ફેલાયેલી આ અરાજકતા માટે ત્રણેય પક્ષ જવાબદાર છે: લોભી સરકાર જે દંડ વસૂલવામાં મસ્ત છે, સ્વાર્થી ઉત્પાદક જે માત્ર નફો જુએ છે, અને તે યુવા પેઢી જે ફેશનના નામે બીજાની સુખ-શાંતિ છીનવી રહી છે. પરંતુ સૌથી વધુ જવાબદારી તે તંત્રની છે જે હાનિકારક વસ્તુઓનું ઉત્પાદન થવા દે છે. સરકાર નવા કાયદાઓનો જે રીતે મધ્યમવર્ગ પર કોરડો વીંઝે છે, તે જ કડકાઈ આ ઉત્પાદન એકમો પર કેમ નથી દેખાતી? પ્રેશર હોર્નના કારણે વૃદ્ધો અને બીમાર લોકોની શાંતિ છીનવાઈ છે, વ્હાઇટ લાઈટના લીધે હજારો અકસ્માતો થાય છે, છતાં સરકાર માત્ર જાહેરાતોનો ધુમાડો કરી પ્રજાને 'સમજાવવા' બેઠી છે. હકીકત એ છે કે સરકાર પ્રજાને સુધારવા નહીં પણ મારવા બેઠી હોય તેવું લાગે છે. વહીવટી માળખાની નિષ્ફળતા અને ભ્રષ્ટાચારના મૂળ એટલા ઊંડા છે કે ગુનાના મૂળ પર પ્રહાર કરવાના બદલે ડાળીઓ કાપવાનો ડોળ કરવામાં આવે છે. જો સરકાર ખરેખર પ્રજાનું હિત ઈચ્છતી હોય, તો જાહેરાતો પાછળ થતો વ્યર્થ ખર્ચ બંધ કરી આ ઝેર બનાવતા યુનિટોને સીલ કરવા જોઈએ. ચૂંટણી ફંડની લાલચમાં પ્રજાના જીવ સાથે રમત રમતી સરકાર ક્યારે જાગશે? શું શાસનનો અર્થ માત્ર ઉદ્યોગપતિઓને પંપાળવાનો જ છે? આ એક ગંભીર સવાલ છે જેનો જવાબ આજે દરેક પીડાતો નાગરિક શોધી રહ્યો છે.

**સરકાર વ્યસનમુક્તિની વાતો કરી કરોડોનો ધુમાડો કરે છે, પણ હાનિકારક હોર્ન અને વ્હાઇટ લાઈટ જેવી પ્રોડક્ટ્સ બનાવતા યુનિટો સામે મૌન છે. શું ચૂંટણી ફંડના જોરે આ ઝેર વેચવાની છૂટ અપાય છે? પ્રજાને દંડવાને બદલે ઉત્પાદકોને કેમ રોકતા નથી?**

# વડાલીમાં રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને જીરામજી યોજના કાર્યશાળા

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં ભારતીય જનતા પાર્ટી દ્વારા 'વિકસિત ભારત' અભિયાનને વેગ આપવા માટે "જીરામજી" યોજના અંતર્ગત ભવ્ય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને સ્થાનિક ધારાસભ્ય રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થયો હતો. મનરેગા યોજનાના માળખામાં લવાયેલી નવીન "જીરામજી" યોજના ગ્રામીણ વિકાસ અને રોજગારી માટે કેવી રીતે ક્રાંતિકારી સાબિત થશે, તે અંગે રમણલાલ વોરાએ ઉપસ્થિત સૌને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમ માત્ર યોજનાની માહિતી પૂરતો સીમિત ન રહેતા સંગઠન માટે પણ ઉત્સાહવર્ધક બની રહ્યો હતો. સાબરકાંઠા જિલ્લા ભાજપના નવનિયુક્ત મહામંત્રી માનનીય પ્રેમલભાઈ દેસાઈનું પ્રથમ વખત વડાલી આગમન થતા ભાજપના કાર્યકરો અને હોદ્દેદારો દ્વારા તેમનું વિશિષ્ટ સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું. નવનિયુક્ત મહામંત્રીએ સંગઠનને મજબૂત બનાવવા અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કાર્યક્રમમાં પક્ષના વરિષ્ઠ અગ્રણીઓ તખતસિંહ હડિયોલ, ગિરીશભાઈ બ્રહ્મભટ્ટ, ચેતનાબેન પરમાર, પ્રદ્યુમનસિંહ ચંપાવત અને સંજયભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ હાજરી આપી કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો. વડાલી તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોના સરપંચોએ મોટી સંખ્યામાં હાજર રહી યોજનાના અમલીકરણમાં સહકાર આપવાની ખાતરી આપી હતી. ધારાસભ્યએ ઉમેર્યું કે "જીરામજી" યોજના દ્વારા ગ્રામીણ સ્તરે અસ્કયામતોના સર્જન સાથે શ્રમિકોના આર્થિક ઉત્થાન પર ભાર મૂકવામાં આવશે. અંતમાં, વડાલી તાલુકા ભાજપના કાર્યકરોએ એકી અવાજે વિકસિત ભારતના નિર્માણ માટે કાર્ય કરવાનો સંકલ્પ લીધો હતો.

**રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**વડાલીમાં ધારાસભ્ય રમણલાલ વોરાના અધ્યક્ષ સ્થાને ભાજપ કાર્યકરોની કાર્યશાળા યોજાઈ. જેમાં મનરેગા હેઠળની નવીન "જીરામજી" યોજનાની વિસ્તૃત માહિતી અપાઈ હતી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા ભાજપના નવનિયુક્ત મહામંત્રી પ્રેમલભાઈ દેસાઈનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.**

# પલસાણા હાઈવે પર હિટ એન્ડ રન: અજાણ્યા આધેડનું કરુણ મોત

## પલસાણા: માખીંગા નજીક અકસ્માતમાં આધેડનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** દક્ષિણ ગુજરાતના વ્યસ્ત એવા મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે 48 પર પલસાણા પાસે ફરી એકવાર રક્તરંજિત અકસ્માતની ઘટના સામે આવી છે. માખીંગા ગામની હદમાં આવેલી સાબર હોટલ સામે એક અજાણ્યા આધેડ વ્યક્તિને કાળ ભરખી ગયો છે. બેફામ ગતિએ દોડતા વાહને આધેડને એવી જોરદાર ટક્કર મારી કે તેમનું શરીર લોહીલુહાણ થઈ ગયું અને ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જનાર ચાલક અકસ્માત બાદ ઉભો રહેવાને બદલે વાહન સાથે નાસી છૂટવામાં સફળ રહ્યો છે, જે વાહનચાલકોની વધતી જતી બેદરકારી અને નિર્દયતા દર્શાવે છે. આ કરુણ ઘટના અંગે સંદીપ બાલુ પાટીલે પલસાણા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મૃતકની ઉંમર આશરે 50 થી 55 વર્ષની છે, પરંતુ તેમની પાસે કોઈ ઓળખપત્ર ન મળતા હાલમાં તેઓ અજાણ્યા તરીકે નોંધાયા છે. પલસાણા પોલીસ સ્ટેશનના PSI એન.એન. ગામિતે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા હાઈવે પરના સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવી રહ્યા છે જેથી હત્યારા વાહનને શોધી શકાય. વાહનચાલકની આ ગુનાહિત બેદરકારીએ એક હસતા-રમતા પરિવારનો સભ્ય છીનવી લીધો છે. પોલીસે મૃતકના વાલીવારસોની શોધ માટે આસપાસના ગામોમાં પણ જાણ કરી છે.

**રિપોર્ટ : સરફરાઝ શેખ**



**પલસાણાના માખીંગા નજીક હિટ એન્ડ રનની હૃદયદ્રાવક ઘટનામાં એક અજાણ્યા આધેડનું મોત નીપજ્યું છે. પૂરપાટ ઝડપે આવતા વાહને ટક્કર મારી ચાલક ફરાર થઈ ગયો હતો. પલસાણા પોલીસે ગુનો નોંધી હત્યારા વાહનચાલકની શોધખોળ હાથ ધરી છે.**

# રખિયાલમાં એસી ચોરી કરતા બે શખ્સો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના રખિયાલ વિસ્તારમાં વધી રહેલી ચોરીની ઘટનાઓ વચ્ચે પોલીસને મોટી સફળતા મળી છે. રખિયાલ પોલીસની સર્વેલન્સ સ્ક્વોડે એસી આઉટડોર યુનિટના સ્પેરપાર્ટ્સની ચોરી કરનાર બે યુવકોને મુદ્દામાલ સાથે દબોચી લીધા છે. રાત્રિ દરમિયાન જ્યારે પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી, ત્યારે મળેલી ચોક્કસ બાતમીના આધારે સુખરામનગરના રહીશ રાહુલ પરસોત્તમભાઈ પરમાર અને મહેશ વિષ્ણુભાઈ ચૌહાણને પકડવામાં આવ્યા હતા. તલાશી લેતા તેમની પાસેથી એસીના 4 કન્ડેન્સર કોઇલ, 4 કમ્પ્રેસર પંપ અને 3 ફેન મળી આવ્યા હતા, જેની કુલ બજાર કિંમત ₹41,500 થાય છે. આ કામગીરી પોલીસ કમિશનર તેમજ ડીસીપી ઝોન-5 જિતેન્દ્ર અગ્રવાલ અને એસીપી આર.ડી. ઓઝાના સીધા માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. પોલીસ ઇન્સ્પેક્ટર બી.જી. ચેતરિયા અને પીએસઆઈ એ.આર. ટાંકની ટીમે બાતમી મળતા જ ત્વરિત એક્શન લીધા હતા, જેને કારણે ચોરીનો સામાન સગેવગે થાય તે પહેલા જ આરોપીઓ પકડાઈ ગયા હતા. પકડાયેલ યુવકો આ સામાન ક્યાંથી લાવ્યા હતા અને અગાઉ પણ કોઈ ચોરીમાં સંડોવાયેલા છે કે કેમ તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે. આ કાર્યવાહીથી વિસ્તારના વેપારીઓ અને રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



# રખિયાલ પોલીસની સફળતા: એસી કમ્પ્રેસર ચોરીનો ભેદ ઉકેલાયો

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ચોરીની પ્રવૃત્તિઓ પર લગામ કસવા માટે રખિયાલ પોલીસની સર્વેલન્સ સ્ક્વોડે સક્રિયતા બતાવી છે. એસીના સ્પેરપાર્ટ્સની ચોરીના એક કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં બે આરોપીઓને દબોચી લીધા છે. રખિયાલ પોલીસ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે બાતમી મળી હતી કે બે શંકાસ્પદ યુવકો ચોરીના સામાન સાથે પસાર થઈ રહ્યા છે. પોલીસે વોચ ગોઠવીને રાહુલ પરમાર અને મહેશ ચૌહાણ નામના બે યુવકોની અટકાયત કરી હતી. તેમની તલાશી લેતા તેમની પાસેથી એસીના કિંમતી પાર્ટ્સ મળી આવ્યા હતા. રિકવર કરાયેલા મુદ્દામાલમાં ₹16,000ની કિંમતની 4 કન્ડેન્સર કોઇલ, ₹18,000ના 4 કમ્પ્રેસર પંપ અને ₹7,500ની કિંમતના 3 એસી ફેનનો સમાવેશ થાય છે. આમ, કુલ ₹41,500ની કિંમતનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ સફળ કામગીરી પી.આઈ. બી.જી. ચેતરિયાના નેતૃત્વમાં પીએસઆઈ એ.આર. ટાંક અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા અપાયેલી સૂચના મુજબ મિલકત વિરોધી ગુનાઓ અને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા માટે આ ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ધરપકડથી વિસ્તારમાં નાના-મોટા સ્પેરપાર્ટ્સની ચોરી કરતા શખ્સોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**



**અમદાવાદના રખિયાલ વિસ્તારમાં એસી કમ્પ્રેસર અને કોઇલની ચોરી કરનાર બે શખ્સોને ગણતરીના કલાકોમાં ઝડપી લેવાયા છે. રખિયાલ પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે રાહુલ પરમાર અને મહેશ ચૌહાણની અટકાયત કરી ₹41,500ની કિંમતનો સામાન જપ્ત કર્યો છે.**






# જૂનાગઢ: સફાઈ અર્થે પવિત્ર દામોદર કુંડ ખાલી કરાયો

**દૈનિક પલ્સ સમાચાર:** જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં શિવરાત્રીના મહાપર્વની ઉજવણી માટેની ઘડીઓ ગણાઈ રહી છે. આગામી 11 ફેબ્રુઆરીથી પરંપરાગત મહાશિવરાત્રી મેળાનો પ્રારંભ થશે, જેમાં ગીરનારની ગોદમાં ભજન અને ભક્તિનો પ્રવાહ વહેશે. આ મેળાનું સૌથી મોટું આકર્ષણ દામોદર કુંડ છે, જ્યાં લાખો ભાવિકો ડૂબકી લગાવી ધન્યતા અનુભવે છે. મેળા પૂર્વે શ્રદ્ધાળુઓની સુખાકારી અને સ્વચ્છતાને પ્રાથમિકતા આપતા દામોદર કુંડને સફાઈ માટે ખાલી કરવામાં આવ્યો છે.
દામોદર કુંડ તીર્થગોર સમિતિના પ્રમુખ શ્રી નીલેશભાઈ પુરોહિતે પત્રકારોને જણાવ્યું કે, "દામોદર કુંડ એ હિન્દુ ધર્મની આસ્થાનું પ્રતીક છે. ગંગા સ્નાન જેટલું જ મહત્વ ધરાવતા આ કુંડમાં મેળા દરમિયાન લાખો લોકો આવતા હોય છે. જળની શુદ્ધતા જળવાઈ રહે તે માટે દર વર્ષે મેળા પૂર્વે ગહન સફાઈ કરવામાં આવે છે." સફાઈ કામગીરીના કારણે હાલ સ્નાન બંધ રખાયું છે, પરંતુ 5 ફેબ્રુઆરીથી રાબેતા મુજબ કુંડ શ્રદ્ધાળુઓ માટે ખુલ્લો મુકાશે.
આ વર્ષે પણ મેળામાં દેશ-વિદેશથી હજારો સાધુ-સંતો અને અઘોરીઓ પધારશે, જેમના દર્શન માટે લાખોની મેદની ઉમટી પડશે. રાત્રિના સમયે સંતવાણી અને લોકસાહિત્યના કાર્યક્રમો ગીરનારની ગુફાઓમાં ગુંજશે. વહીવટી તંત્ર અને વિવિધ સમિતિઓ વચ્ચેના સંકલનથી આ મેળાને વધુ સુવિધાજનક બનાવવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા પણ યાત્રાધામ વિકાસ અંતર્ગત જૂનાગઢના આ ઐતિહાસિક મેળાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. પવિત્ર કુંડની સફાઈ એ માત્ર એક પ્રક્રિયા નથી, પરંતુ શ્રદ્ધાળુઓની આસ્થાનું સન્માન છે. મેળાના પ્રારંભ પહેલા તમામ વ્યવસ્થાઓ આખરી ઓપ લઈ રહી છે, જેથી આવનાર યાત્રિકો સંતોના આશીર્વાદ અને દામોદર કુંડના પવિત્ર સ્નાનનો લ્હાવો નિર્વિઘ્ને લઈ શકે.

**રિપોર્ટ : આશિષ વસાવડા**



# અમરાઈવાડીમાં સંત રવિદાસ જયંતિ નિમિત્તે જનજાગૃતિ કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** વિશ્વ હિન્દુ પરિષદ - અમરાઈવાડી જિલ્લા દ્વારા સંત શ્રી રવિદાસજીની જન્મજયંતિ નિમિત્તે ઇન્દ્રપુરી પ્રખંડના આંબેડકર કોર્ટસ ખાતે 'સામાજિક સમરસતા સંગોષ્ઠિ' કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે યુવા અગ્રણી મહાવીરભાઈ ડાભી (માઇકલ ડાભી) ઉપસ્થિત રહ્યા હતા. તેમણે જણાવ્યું કે, સમાજમાં સમરસતા લાવવી એ સમયની માંગ છે. સાથે જ તેમણે પર્યાવરણની જાળવણી અને યુવાનોને મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગોમાં જોડાઈ દેશને આત્મનિર્ભર બનાવવા પર ભાર મૂક્યો હતો.
કાર્યક્રમના મુખ્ય વક્તા રશેશભાઈ રાવલે સંત રવિદાસજીના જીવન અને તેમના વિચારો પર પ્રકાશ પાડી સૌને એકતાના તાંતણે બંધાવા શીખ આપી હતી. આ અવસરે અમરાઈવાડી જિલ્લા મંત્રી ભરતસિંહ ઝાલા અને ચંદ્રસિંહ ચાવડા સહિત અનેક કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. આ સંગોષ્ઠિ દ્વારા સમાજમાં સમાનતા અને રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવાનો સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**રિપોર્ટ : જગદીશ ચૌહાણ**



# રેલ્વે બજેટ: ₹2.5 લાખ કરોડની ફાળવણીને કુલદીપ સંઘવીએ આવકારી

**દૈનિક પલ્સ સમાચાર:** કેન્દ્ર સરકારના તાજેતરના બજેટમાં રેલ્વે ક્ષેત્રે થયેલા ઐતિહાસિક ફાળવણીના પડઘા સર્વત્ર પડી રહ્યા છે. આ સંદર્ભમાં અમદાવાદ રેલ્વે સ્ટેશનના પૂર્વ SCC મેમ્બર કુલદીપ સંઘવીએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું છે કે, આ બજેટ "વિકસિત ભારત" ના સ્વપ્નને સાકાર કરવા માટેનું મજબૂત પગલું છે.
કુલદીપ સંઘવીએ વિગતવાર વિશ્લેષણ કરતા જણાવ્યું કે ₹2.5 લાખ કરોડથી વધુની માતબર રકમ રેલ્વેના વિકાસ માટે ફાળવવી એ સરકારની રેલ્વે પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. નવી રેલ લાઈનો, ટ્રેક ડબલિંગ અને સુરક્ષા માટેની કવચ ટેકનોલોજીના અમલીકરણથી ભારતીય રેલ્વે વધુ સુરક્ષિત અને કાર્યક્ષમ બનશે. તેમણે વિશેષ કરીને 'અમૃત ભારત સ્ટેશન યોજના'ની પ્રશંસા કરી, જેના હેઠળ 1,300 થી વધુ સ્ટેશનોનો કાયાકલ્પ થવાનો છે. આ યોજનાથી સ્ટેશનો પર લિફ્ટ, એસ્કેલેટર અને સુસજ્જ વેઈટિંગ એરિયા જેવી આધુનિક સુવિધાઓ સામાન્ય મુસાફર સુધી પહોંચશે.
વધુમાં, વંદે ભારત ટ્રેનોના વધતા વિસ્તરણ અને ગ્રીન રેલ્વેના અભિગમ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, "100% ઈલેક્ટ્રિફિકેશનથી ડિઝલની આયાત ઘટશે અને પર્યાવરણને ફાયદો થશે. વંદે ભારત જેવી ટ્રેનો દેશના યુવાનો અને વ્યવસાયીઓ માટે સમયની બચતનું સાધન બનશે." લોજિસ્ટિક્સ અને ફ્રેઈટ ક્ષમતામાં વધારો થવાથી કૃષિ પેદાશો અને ઉદ્યોગોના માલસામાનની હેરફેર ઝડપી બનશે, જે અર્થવ્યવસ્થાને વેગ આપશે.
કુલદીપ સંઘવીએ નિષ્કર્ષમાં જણાવ્યું કે આ બજેટથી માત્ર ટેકનોલોજીકલ સુધારા જ નહીં, પરંતુ લાખો રોજગારીની તકો પણ ઊભી થશે. અમદાવાદ જેવા મહત્વના જંક્શન માટે પણ આ વિકાસકારી પગલાં ખૂબ જ પ્રોત્સાહક સાબિત થશે. સરકારના આ દીર્ઘદ્રષ્ટિપૂર્ણ બજેટને તેમણે સહર્ષ સ્વીકારી કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો. **રિપોર્ટ : જગદીશ ચૌહાણ**

**કેન્દ્રીય બજેટમાં રેલ્વે માટે ₹2.5 લાખ કરોડની ઐતિહાસિક ફાળવણીને કુલદીપ સંઘવીએ આવકારી છે. તેમણે જણાવ્યું કે અમૃત ભારત સ્ટેશન યોજના અને વંદે ભારત ટ્રેનોના વિસ્તરણથી અમદાવાદ સહિત દેશભરના મુસાફરોને આધુનિક સુવિધાઓ અને ઝડપી પરિવહનનો લાભ મળશે.**

# સી. યુ. શાહ યુનિવર્સિટીમાં NSUI દ્વારા ડ્રગ મુક્ત કેમ્પસ કાર્યક્રમ

**દૈનિક પલ્સ સમાચાર:** આજરોજ સી. યુ. શાહ યુનિવર્સિટીના પ્રાંગણમાં NSUI દ્વારા એક મહત્વપૂર્ણ "ડ્રગ મુક્ત કેમ્પસ" જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વધતા જતા નશાના ચલણને રોકવાનો અને વિદ્યાર્થીઓને તેના ગંભીર પરિણામોથી વાકેફ કરવાનો હતો.
આ કાર્યક્રમમાં રાજકીય અને સામાજિક અગ્રણીઓ જેવા કે નૌશાદ સોલંકી (કોંગ્રેસ પ્રમુખ), પ્રદેશ ડેલિગેટ રાજનિકાંતભાઈ કડ, કાંતિલાલભાઈ તમાલિયા અને શહેર કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રભાઈ પરમારે પ્રેરણાદાયી હાજરી આપી હતી. પોતાના વક્તવ્યમાં નૌશાદ સોલંકીએ જણાવ્યું હતું કે, "ડ્રગ્સ જેવી બદીઓ સમાજને અંદરથી ખોખલો કરી રહી છે. આજના યુવાનોએ સંઘર્ષ અને પુરુષાર્થના જોરે પોતાની કારકિર્દી બનાવવી જોઈએ, ન કે નશાના રવાડે ચઢીને પોતાનું જીવન બરબાદ કરવું જોઈએ."
સમગ્ર આયોજન NSUI જિલ્લા પ્રમુખ યશપાલસિંહ પરમાર અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ અભિયાનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે, તમામ ઉપસ્થિતોએ જીવનભર નશાથી દૂર રહેવા અને અન્યને પણ જાગૃત કરવા માટેની સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓને ડ્રગ્સની શારીરિક અને માનસિક અસરો અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.
NSUI દ્વારા લેવાયેલ આ પહેલને શૈક્ષણિક જગતે બિરદાવી હતી. આ પ્રકારના કાર્યક્રમો માત્ર એક દિવસીય આયોજન બનીને ન રહી જાય, પરંતુ એક સામાજિક ક્રાંતિ બને તે માટે NSUI સતત કાર્યરત રહેશે તેવી નેમ વ્યક્ત કરવામાં આવી હતી.

**રિપોર્ટ : ડી.જી.જાડેજા**



**સી. યુ. શાહ યુનિવર્સિટીમાં NSUI દ્વારા 'ડ્રગ મુક્ત કેમ્પસ' જાગૃતિ કાર્યક્રમ યોજાયો. નૌશાદ સોલંકી સહિતના આગેવાનોએ વિદ્યાર્થીઓને નશાથી દૂર રહી શિક્ષણ અને સંસ્કારના માર્ગે ચાલવા પ્રેરણા આપી. યશપાલસિંહ પરમાર અને ટીમ દ્વારા આ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.**